અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ ઓક્ટોબર ૨૦૨૩, સોમવાર
વિક્રમ સંવત ૨૦૭૯, આસો સુદ નોમ

વર્ષ : ૧૫
અંક : ૮૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# મહારાષ્ટ્રના ઓરંગાબાદમાંથી ૫૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

## અલગ-અલગ 3 કંપની પર દરોડા પાડી ડ્રગ્સ જપ્ત કરાયું : ક્રાઈમ બ્રાંચ દ્વારા 3 આરોપીની ધરપકડ : મુખ્ય આરોપીના ઘર અને ફેકટરીથી ડ્રગ્સ ઝડપાયું

| અમદાવાદ, તા.૨૨ |

અમદાવાદ ક્રાઈમ બ્રાંચ અને DRIને મોટી સફળતા મળી છે. મહારાષ્ટ્રના ઓરંગાબાદમાંથી ૫૦૦ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. અલગ-અલગ ૩ કંપની પર દરોડા પાડી આ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. આ સાથે જ ક્રાઈમ બ્રાંચ દ્વારા ૩ આરોપ ીઓની ધરપકડ કરવામાં આવી છે.

DRI અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સંયુક્ત ઓપરેશન કરી મહારાષ્ટ્રમાંથી ૫૦૦ કરોડ રુપિયાનું ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું છે. કોકેઈન અને MD ડ્રગ્સ કબજે કરવામાં આવ્યું છે. થોડા દિવસો પહેલા સાયબર ક્રાઈમ સાથે મળીને અમદાવાદથી પણ ડ્રગ પકડવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રના ઓરંગાબાદમાંથી ડ્રગ્સ ઝડપી લેવામાં આવ્યું છે. રો મટીરીયલ અને ડ્રગ્સ સાથે કુલ ૫૦૦ કરોડના ડ્રગ્સનો મુદ્દામાલ ઝડપાયો છે. ઓરાંગાબાદની અલગ અલગ ૩ કંપનીમાંથી ડ્રગ્સ ઝડપાયું છે. ૩ આરોપીઓની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. મુખ્ય આરોપીના ઘર અને ફેકટરીથી ડ્રગ્સ ઝડપાયું છે. ક્રાઈમ બ્રાન્ચની બાતમીના આધારે DRI દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

અમદાવાદ શહેરના સિંધુભવન રોડ ઉપર ક્રાઈમ બ્રાન્ચે ડ્રગ્સ સાથે એક આરોપીની ધરપકડ કરી છે. મહંમદ હઝરુદ્દીન ઉર્ફે હઝર કબૂતર નામના શખ્સની ધરપકડ કરી છે. નઈમ ટકલા અને ઈસતીયાક મામા નામના બે શખ્સની તપાસ શરૂ કરાઈ છે. યુવાનોને ગેરમાર્ગે દોરવા માટેના કાવતરાનો ક્રાઈમ બ્રાન્ચે કર્યો પર્દાફાશ. અમદાવાદના સિંધુભવન રોડ ઉપર ક્રાઈમ બ્રાન્ચને મળેલી માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. જેમાં મહંમદ અઝરુદ્દીન નામનો શખ્સ ૫ લાખ રૂપિયાનું ડ્રગ્સ લઈને પહોંચ્યો હોવાની બાતમી મળી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા મહંમદ અઝરુદ્દીનને ઝડપી લઈને તેની પાસેથી ૫૪.૮૦૦ મિલિગ્રામ ડ્રગ્સ કબજે કરવામાં આવ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં વધુ બે નામ સામે આવ્યા જેમાં નઈમ ટકલા અને ઈસતીયાક મામા નામના બે આરોપીઓની સંડોવણી હોવાનો ખુલાસો થયો હતો.

અગાઉ નઈમ ટકલા વિરુદ્ધ ગુજસીટોકનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં આરોપીઓ ડ્રગ્સનું વેચાણ જુહાપુરા,વેજલપુર અને સિંધુભવન વિસ્તારમાં કરતા હોવાની કબુલાત કરવામાં આવી છે.આ સાથે નવરાત્રીમાં ખેલૈયાઓ દ્વારા ડ્રગ મંગાવવામાં આવ્યું હતું કે કેમ તે દીશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે.

## ન્યૂઝ બ્રિફ

### શુભમન ગિલે વનડે ક્રિકેટમાં પૂરા કરી લીધા ૨૦૦૦ રન



| ધર્મશાલા, તા.૨૨ |

ભારત અને ન્યૂઝીલેન્ડની ટીમ આઈસીસી વિશ્વકપ-૨૦૨૩માં આમને-સામને છે. આ મેચ ધર્મશાલામાં રમાઈ રહી છે. પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડની ટીમ ૨૭૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ મેચમાં લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત સારી થઈ છે. આ વચ્ચે ભારતના યુવા બેટર શુભમન ગિલે એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે.

### પાવાગઢમાં બે લાખથી પણ વધુ ભક્તોએ કર્યા માતાજીના દર્શન

| પાવાગઢ, તા.૨૨ |

પાવાગઢમાં આસો નવરાત્રીની અષ્ટમીએ ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. આઠમ અને રવિવારના સંયોગે ભક્તોની ભારે ભીડ ઉમટી છે. હૈયેથી હૈયું દળાય તેવી ભીડ જોવા મળી. વહેલી સવારથી અત્યાર સુધી અંદાજીત ૨ લાખ કરતા વધુ ભક્તોએ મહાકાળી માના દર્શન કર્યા છે. તો સાંજ સુધી ૩ લાખ ભક્તો દર્શન કરે તેવી શક્યતા છે. આઠમને લઈને પાવાગઢમાં અનેરું મહત્વ છે અને રવિવાર હોવાથી પાવાગઢમાં મહાકાળી માના દર્શનાર્થે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા છે. યાત્રાળુઓને કોઈ તકલીફ કે મુશ્કેલીનો સામનો ન કરવો પડે માટે તંત્ર દ્વારા સુચારુ આયોજન કરવામાં આવ્યું છે.

### દિલ્હી-NCR સુધી ધરતી ધ્રૂજી

# નેપાળમાં આવેલો ભયંકર ભૂકંપ, કાઠમાંડૂમાં ૬.૧ તીવ્રતાનો આંચકો

## ભૂકંપનું કેન્દ્ર નેપાળના ધાડિંગ જિલ્લામાં જોવા મળ્યું હતું નેપાળમાં આવેલા ધરતીકંપમાં જાનહાનિના સમાચાર નથી

| નવી દિલ્હી, તા.૨૨ |

નેપાળમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. નેશનલ સિસ્મોલોજી સેન્ટર અનુસાર નેપાળમાં ૬.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. ભૂકંપના આંચકા ગંડકી પ્રાંતના બાગમતી અને અન્ય જિલ્લાઓમાં પણ અનુભવાયા હતા. નેશનલ ભૂકંપ મોનિટરિંગ એન્ડ રિસર્ચ સેન્ટર અનુસાર સવારે ૭:૩૯ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર નેપાળના ધાડિંગ જિલ્લામાં હતું. જો કે કોઈ જાનહાનિના સમાચાર નથી.

રોઈટર્સ સાથે વાત કરતા, ધાડિંગ જિલ્લાના અમલદાર બદ્રીનાથ ગેરાએ કહ્યું કે તેમને તીવ્ર ધ્રુજારીનો અનુભવ થયો. નેપાળમાં ભૂકંપના આંચકા દિલ્હી-દ્નઝઈ સુધી અનુભવાયા હતા. યુરોપિયન મેડિટેરેનિયન સિસ્મોલોજીકલ સેન્ટર અનુસાર, ભૂકંપનું કેન્દ્ર ૧૩ કિલોમીટર નીચે હતું.

નેપાળમાં વારંવાર ભૂકંપ આવે છે. આ પહેલા ૧૬ ઓક્ટોબરે નેપાળના દૂર પશ્ચિમ પ્રાંતમાં ૪.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. નેપાળ ભારતીય અને તિબેટીયન ટેકટોનિક પ્લેટોની વચ્ચે આવેલું છે. આ ટેકટોનિક પ્લેટ્સ દર ૧૦૦ વર્ષે બે મીટર સુધી ખસે છે, જેના કારણે દબાણ સર્જાય છે અને ભૂકંપ આવે છે. ૨૦૧૫માં નેપાળમાં ૭.૮ની તીવ્રતાના ભૂકંપ અને તેના આફટરશોક્સને કારણે લગભગ ૯,૦૦૦ લોકોના મોત થયા હતા. નેપાળ સરકારના પોસ્ટ-ડિઝાસ્ટર નીડ્સ એસેસમેન્ટ રિપોર્ટ અનુસાર, નેપાળ વિશ્વનો ૧૧મો સૌથી વધુ ભૂકંપ સંભવ દેશ છે. તાજેતરના સમયમાં, વિશ્વભરમાં વારંવાર ધરતીકંપોએ વૈજ્ઞાનિકોનું ધ્યાન આકર્ષિત કર્યું છે.

### પુરજોશમાં ધમધમશે સુરતનું ડાયમંડ બુર્સ

# વડાપ્રધાન દ્વારા દશેરાના દિવસે ડાયમંડ બુર્સનું કરાશે ઉદ્‌ઘાટન

| સુરત, તા.૨૨ |

આગામી ૧૭ ડિસેમ્બરના રોજ સુરતના ખજોદ સ્થિત સુરત ડાયમંડ બુર્સનું વિધિવત રીતે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્‌ઘાટન થવા જઈ રહ્યું છે. આ ઉદ્‌ઘાટન વિધિ પહેલા દશેરાના પર્વ પર પાંચ હજારથી વધુ લોકોની ઉપસ્થિતિમાં સુરત ડાયમંડ બુર્સની ૯૮૩ જેટલી ઓફિસમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ કુંભ સ્થાપન કરવામાં આવશે.જે દિવસ સુરત ડાયમંડ બુર્સ માટે એક ઐતિહાસિક દિવસ તરીકે બની રહેશે. આ અંગે સુરત ડાયમંડ બુર્સ કમિટીના સભ્યોની પત્રકાર પરિષદ મળી હતી. જેમાં આગામી કાર્યક્રમોની રૂપ રેખાની માહિતી આપવામાં આવી હતી. દેશ અને દુનિયામાં ખ્યાતિ



પ્રાપ્ત કરનારા સુરત ડાયમંડ બુર્સ આગામી દિવસોમાં પુરજોશમાં ધમધમતું થવા જઈ રહ્યું છે.

મુંબઈ સહિતના હીરા ઉદ્યોગકારો પણ સુરત ડાયમંડ બુર્સમાં આગામી સમયમાં ઓફીસ શરૂ કરે તેવી શકયતા રહેલી છે. સુરત ડાયમંડ બુર્સનું મોટાભાગનું કામ હાલ પૂર્ણ થઈ ચૂક્યું છે. જેને વિધિવત રીતે ધમધમતું કરવા કમિટીના સભ્યો પ્રયાસ કરી રહ્યા છે.

### પાકે. 3000 થી વધારે અફઘાન શરણાર્થીઓનો કર્યો દેશ નિકાલ

| ઈસ્લામાબાદ, તા.૨૨ |

પાકિસ્તાને એક જ દિવસમાં ૩,૨૪૮ અફઘાન શરણાર્થીઓને દેશમાંથી હાંકી કાઢ્યા છે અને તે બધા અફઘાનિસ્તાન પરત ફર્યા છે. પાકિસ્તાની અધિકારીઓના જણાવ્યા અનુસાર, દસ્તાવેજ વગર જ રહેતા અફઘાન શરણાર્થીઓને બહાર કરવાની છેલ્લી તારીખ જાહેર કરવામાં આવી ત્યારબાદથી ૫૧,૦૦૦ થી વધુ અફઘાન નાગરિકોને દેશ નિકાલ કરવામાં આવ્યા છે. બલૂચિસ્તાન પ્રાંતના માહિતી પ્રધાન જાન અચકઝાઈએ ગેરકાયદેસર ઈમિગ્રેશન સામે લડવાના પાકિસ્તાનના પ્રયાસોની નોંધ લીધી હતી.

### રાહત સામગ્રીથી અનેક લોકોને મળશે મદદ

# ઈઝરાયલ-હમાસ યુદ્ધની વચ્ચે ભારત દ્વારા ગાઝામાં મોકલી રાહત સામગ્રી

## રાહત સામગ્રીમાં જરુરી જીવન રક્ષક દવાઓ, સર્જિકલ સામાન, તંબૂ, સ્લીપિંગ બૈગ, તારપત્રી, સહિત જરુરી વસ્તુઓ સામેલ

| નવી દિલ્હી, તા.૨૨ |

ઈઝરાયલ અને હમાસની વચ્ચે ભારતે ફલીસ્તનીઓ માટે માનવીય સહાયતા મોકલી છે. ભારતીય વાયુ સેનાનું C-17 વિમાન લગભગગ ૬.૫ ટન મેડિકલ અને ૩૨ ડિઝાસ્ટર રિલીફ સામગ્રી લઈને મિસ્ત્રના એલ અરિશ એરપોર્ટ માટે રવાના થઈ ગયું છે. આ વાતની જાણકારી ખુદ વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ રવિવારે ૨૨ ઓક્ટોબરે આપી છે.

અરિંદમ બાગચીએ પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે, ફલીસ્તીનના લોકો માટે લગભગ ૬.૫ ટન ચિકિત્સા સહાયતા અને ૩૨ ટન ઈમરજન્સી રાહત સામગ્રી લઈને IAF C-17ની ફ્લાઈટ મિસ્ત્રમાં અલ અરિશ એરપોર્ટ માટે રવાના થઈ ગયું છે. ભારત તરફથી મોકલવામાં



આવેલી રાહત સામગ્રીમાં જરુરી જીવન રક્ષક દવાઓ, સર્જિકલ સામાન, તંબૂ, સ્લીપિંગ બૈગ, તારપત્રી, સ્વચ્છતા સુવિધા, જળ શુદ્ધિકરણ ટેબલેટ સહિત અન્ય જરુરી વસ્તુઓ સામેલ છે.

અહીં ઉલ્લેખનિય છે કે, ગાઝામાં હાલની હાલત જોતા દુનિયાના કેટલાય દેશોએ ફલીસ્તીનીઓ માટે મદદની સામગ્રી મોકલવાની અપીલ કરી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને મિસ્ત્રના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતહ અલ સીસીને ફોન કરીને બોર્ડર ખોલવાની અપીલ કરી હતી. જેથી ત્યાંના લોકોને મદદ પહોંચાડી શકાય. ત્યાર બાદ લગભગ ૨૦ ટ્રક માનવીય સહાયતા ગાઝામાં પહોંચાડવામાં આવી ચુકી છે. આ અગાઉ ભારતના પ્રધાનમંત્રી મોદીએ ૧૯ ઓક્ટોબર ગુરુવારે ફલીસ્તીનના રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસ સાથે વાતચીત કરી હતી.

આ દરમ્યાન પીએમે ગાઝાના અલ અહલી હોસ્પિટલમાં નાગરિકોના મોત પર સંવેદના વ્યક્ત કરી હતી. અહીં ઉલ્લેખનિય છે કે, અલ અહલી હોસ્પિટલ પર હવાઈ હુમલામાં લગભગ ૫૦૦ લોકોના મોત થઈ ગયા હતા.

### શુદ્ધ ઘી માટે કરાશે ટેસ્ટીંગ

# રુપાલમાં પલ્લીને લઈ તડામાર તૈયારીઓ કરાઈ

| ગાંધીનગર, તા.૨૨ |

ગાંધીનગર જિલ્લાના રુપાલમાં પ્રસિદ્ધ પલ્લીનો મેળો સોમવારે યોજાશે. પરંપરાનુસાર આસો સુદ નોમના દીવસે વરદાયિની માતાની પલ્લી યોજવામાં આવશે. આ માટે રુપાલમાં તમામ તૈયારીઓ કરવામાં આવી છે. રુપાલમાં સોમવારે રાત્રીના દરમિયાન પલ્લી નિકળશે. નવા નિર્માણ કરવામાં આવેલ પલ્લીના મેળા દરમિયાન દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો રુપાલ આવશે. લગભગ ૧૭ લાખ શ્રદ્ધાળુઓ અહીં દર્શન કરવા માટે અને બાધા પૂર્ણ કરવા માટે આવવાની સંભાવના છે. જમવા, આરોગ્ય સહિતની તમામ તૈયારીઓ કરવામાં આવી છે. પલ્લીમાં લાખો લીટર ઘીનો અભિષેક કરવામાં આવતો હોય છે. શુદ્ધ ઘીના અભિષેકને લઈને સરકાર દ્વારા ઘીના ટેસ્ટીંગની સુવિધા ઉભી કરવામાં આવી છે. જિલ્લા આરોગ્ય વિભાગે પણ તૈયારીઓ કરવામાં આવી છે. મંદિર દ્વારા શુદ્ધ ઘી યોગ્ય અને વિશ્વાસપાત્ર સ્થળેથી જ ખરીદીને અભિષેક કરવા માટે અપીલ કરવામાં આવી છે.





સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

## ન્યુઝ બોક્ષ

### વાડી વિસ્તારમાં દીપડાએ ૮ વર્ષના બાળક પર હુમલો કર્યો

। અમરેલી, તા.૨૨ ।

અમરેલીના રાજુલાના કાતર ગામે આદમખોર દીપડાનો આતંક સામે આવ્યો છે. વાડી વિસ્તારમાં દીપડાએ ૮ વર્ષના બાળક પર હુમલો કર્યો હતો. જેમા બાળકને સામાન્ય ઈજા થતી તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. સદનસીબે દીપડાનો શિકારનો પ્રયાસ નિષ્ફળ જતા બાળકનો બચાવ થયો હતો. ઘટનાની જાણ થતા જ વનવિભાગની ટીમ દોડી આવી હતી અને દીપડાને પાંજરે પુરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. દીપડાના હુમલાથી ગામમાં ફફડાટ ફેલાયો છે. અમરેલી જિલ્લામા સિંહોની સાથે દીપડાની સંખ્યા પણ રેવન્યુ વિસ્તારમાં વધી રહી છે જેના કારણે અવારનવાર દીપ ડાના હુમલાની ઘટનાઓ સામે આવી રહી છે. મોડી રાતે રાજુલાના કાતર ગામ નજીક જયમતભાઈ લખુભાઈની વાડીમાં રહેતા ખેત મજૂર પરિવારના ૮ વર્ષના મૌલિક રવજીભાઈ ચૌહાણ ઉપર દીપડો આવી ચડતા બાળક ઉપર હુમલો કર્યો હતો. શિકારનો પ્રયાસ નિષ્ફળ જતા બાળકનો બચાવ થયો હતો. બાળકને માથાના ભાગે સામાન્ય ઈજા થતાં બાળકનો બચાવ થયો સારવાર માટે રાજુલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ થતાં વનવિભાગની ટીમ ઘટના સ્થળે દોડી ઘટના કેવી રીતે બની પરિવારના નિવેદનો વનવિભાગ દ્વારા લેવામાં આવ્યા હતા બાળકને રાજુલા હોસ્પિટલમાં સારવાર આપી હતી કાતર ગામમાં દીપડાના હુમલાની ઘટનાથી ફફડાટ ફેલાયો હતો.

### ચાર દિવસ પહેલા ગુમ થયેલ બાળકીનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી

। મોરબી, તા.૨૨ ।

મોરબીના લખધીરપુર રોડ પર આવેલ સીરામીક ફેકટરીમાં કામ કરતા શ્રમિક પરિવારની ચાર વર્ષની બાળકી લાપ તા થઈ હતી. જે અંગેની જાણ પોલીસને કરવામાં આવી હતી. બાળકી ગુમ થયા બાદ ચાર દિવસ બાદ બાળકીનો મૃતદેહ એક બંધ સીરામીક કારખાના નજીકથી મળી આવ્યો હતો. મોરબીના લખધદિરપુર રોડ ઉપર આવેલ મેટ્રો સીરામીક ફેક્ટરીની બાજુમાં બંધ પડેલા કારખાનામાંથી કૂતરાઓએ ફાડી ખાધેલ હાલતમાં એક બાળકીનો મૃતદેહ પડ્યો હોવાની માહિતી પોલીસને મળતા મોરબી તાલુકા પોલીસ કાફલો સ્થળે પર દૌડી ગયો હતો. ચાર દિવસ પહેલા ગુમ થયેલ બાળકીની મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. મોરબીના લખધીરપુર રોડ પર આવેલ સીરામીક ફેકટરીમાં કામ કરતા શ્રમિક પરિવારની ચાર વર્ષની બાળકી લાપતા થઈ હતી. જે અંગેની જાણ પોલીસને કરવામાં આવી હતી.

### ગુજરાત સાયન્સ સિટીમાં

# અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશનના સહયોગથી એક વિશિષ્ટ પ્રકારની તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ

। અમદાવાદ, તા.૨૨ ।

આજરોજ ગુજરાત સાયન્સ સિટી ખાતે અમેરિકન ઈન્ડિયા ફાઉન્ડેશન (AIF) ના સહયોગથી એક વિશિષ્ટ પ્રકારની તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ટ્રેનિંગમાં ડો.અનુપ સાંચેલા (PDEU) વિદ્યાર્થીઓને ફિઝિક્સના વિવિધ પ્રયોગોની વિસ્તારથી માહિતી આપી હતી. આ સાથે ડો.ગૌતમ બોરીસાગરે (IITRAM) વિદ્યાર્થીઓને જ્ઞાન-ગમ્મત સાથે ગણિત શીખવ્યુ હતુ. વિદ્યાર્થીઓએ આ તાલીમમાં ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. ગુજરાત સાયન્સ સિટી અવિરત પણે આવા વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનુ આયોજન કરતી રહે છે.





### જનતાનાં પૈસા બચાવવા માટે રાજ્ય સરકાર કરકસરનાં માર્ગે

# ગુજરાત સરકાર સ્ટાફ માટે નવા વાહન નહીં ખરીદે

### સરકાર હસ્તકનાં ખાતાનાં વડાની કચેરીઓમાં ફરજીયાત આઉટ સોર્સિંગથી વાહનો ભાડે મેળવાશે

। ગાંધીનગર, તા.૨૨ ।

રાજ્ય સરકાર હસ્તકનાં તમામ ખાતાઓની વડી કચેરીઓ તેમજ જીલ્લા કચેરીઓએ અધિકારીઓ તેમજ કર્મચારીઓને સરકારી કામ અર્થે બહાર જવાનું થતું હોઈ તમામ અધિકારીઓ માટે સરકાર દ્વારા વાહનની ફાળવણી કરવામાં આવતી હોય છે. પરંતુ સમય જતા અમુક વાહનો જૂના થઈ જતા તેનાં મેન્ટેનન્સનો ખર્ચ પણ વધી જતો હોય છે. જે તમામ બાબતોને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં સરકાર દ્વારા જીલ્લા કચેરીઓ તેમજ સરકાર હસ્તકનાં ખાતાનાં વડાની કચેરીઓમાં ફરજીયાત આઉટ સોર્સિંગથી વાહનો ભાડે મેળવાશે. જનતાનાં પૈસા બચાવવા માટે રાજ્ય સરકાર હવે કરકસરનો માર્ગ અપનાવ્યો છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા હવે તમામ વિભાગોમાં આઉટ સોર્સિંગથી વાહનો ભાડે રાખવામાં આવશે. સરકાર હસ્તકનાં તમામ વિભાગોમાં સ્ટાફ કાર માટે હવે નવા વાહનની ખરીદી રાજ્ય સરકાર દ્વારા કરવામાં નહી આવે તેવો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્ય સરકાર તેઓનાં હસ્તકનાં ખાતાનાં વડાની કચેરીઓ માટે ભાડે વાહન રાખશે. જૂનાં કંડમ વાહનો સામે નવા વાહનની ખરીદી કરવાને બદલે આઉટ સોર્સિંગથી વાહનો મેળવાશે.

### તથ્ય અને પ્રજ્ઞેશ પટેલને મોટો ઝટકો, કોર્ટે અરજી નામંજૂર કરી

। અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદમાં ચકચારી ઈસ્કોન અકસ્માત કેસ મામલે આરોપી તથ્ય પટેલ અને તેના પિતાને કોર્ટે મોટો ઝટકો આપ્યો છે. અમદાવાદ સેશન્સ કોર્ટ તરફથી બંનેને મોટો ઝટકો આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, કલમ ૩૦૪ અને ૩૦૮ રદ કરવા માટે અરજી કરવામાં આવી હતી. તે અંગે કોર્ટમાં સુનાવણી ચાલતી હતી. તથ્ય અને પ્રજ્ઞેશ પટેલની અરજી પર કોર્ટે ચુકાદો આપતા અરજીને નામંજૂર કરી હતી. અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટે અરજી રદ કરી નાંખી હતી. કોર્ટને ગંભીર ગુનો જણાતા અરજી નામંજૂર કરી હતી. આ કેસમાં સાપરાધ મનુષ્યવધના ગુનાહિત તત્વો પ્રસ્થાપિત થતા ન હોવાથી આરોપી વિરુદ્ધ કલમ-૩૦૪ અને ૩૦૮ના બદલે આઈપીસીની કલમ-૩૦૪(એ) હેઠળ ચાર્જ ફ્રેમ થવો જોઈએ તે અંગે દલીલો થઈ.

### રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી સ્પા સેન્ટર અને હોટલ પર કાર્યવાહી

# રાજ્યમાં સ્પા સેન્ટર પર દરોડા, ૨૦૦૦થી વધુ સ્થળો પર કાર્યવાહી

### રાજ્યમાં સ્પાની આડમાં ગેરકાયદેસર પ્રવૃત્તિને રોકવા માટે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે

। અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાત રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી સ્પા સેન્ટર અને હોટલ પર કાર્યવાહી કરવામાં આવી છે. ગૃહ વિભાગ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ અંગે સૂચનાઓ કર્યા બાદ આ કાર્યવાહી અનેક જિલ્લાઓ અને શહેરોમાં હાથ ધરાઈ છે. પોલીસે સ્પા સેન્ટરો સામે કડકાઈ ભરી કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્યમાં સ્પાની આડમાં ગેરકાયદેસર પ્રવૃત્તિને રોકવા માટે પોલીસે કાર્યવાહી શરુ કરી છે. ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી દ્વારા કડકાઈ ભર્યા સૂરમાં આદેશ આ માટે ગૃહ વિભાગને કર્યા હતા.

ગુજરાત રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી સ્પા સેન્ટર અને હોટલ પર કાર્યવાહી કરવામાં આવી છે. ગૃહ વિભાગ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ અંગે સૂચનાઓ કર્યા બાદ આ કાર્યવાહી અનેક જિલ્લાઓ અને શહેરોમાં હાથ ધરાઈ છે. કેટલાક જિલ્લાઓમાં જોકે માત્ર દેખાવ પૂરતી કાર્યવાહી કરવાની પણ ફરિયાદો ઉઠી છે. જેમાં માત્ર બધુ જ સલામત હોવાનુ દર્શાવાયુ છે. જોકે મોટાભાગના સ્થળો પર પોલીસે સ્પા સેન્ટરો સામે કડકાઈ ભરી કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્યમાં સ્પાની આડમાં ગેરકાયદેસર પ્રવૃત્તિને




રોકવા માટે પોલીસે કાર્યવાહી શરુ કરી છે.

ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી દ્વારા કડકાઈ ભર્યા સૂરમાં આદેશ ગૃહ વિભાગને કર્યા હતા. જેના આધારે રાજ્યમાં દરોડાની કાર્યવાહી પોલીસ દ્વારા હાથ ધરાઈ હતી. પોલીસે રાજ્યમાં ૨૦૦૦ જેટલા સ્થળો પર કાર્યવાહી કરી હતી. જેમાં ૨૦૪ જેટલી ફરિયાદો નોંધવમાં આવી છે. ૨૭૯ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાંથી ૧૮૩ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ગુજરાત પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ હેઠળ ત્રણ દિવસથી રાજ્યવ્યાપી દરોડાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગૃહ વિભાગ દ્વારા હજુ કાર્યવાહીમાં ઢીલાશ દાખવનારા જિલ્લાઓના અધિકારીઓને માટે કડક સૂચનાઓ જારી શકે છે.

### દૂધના ટેમ્પામાં શરૂ કરી દારૂની હેરાફેરી

# અમુલ મિલ્ક લખેલ આઇસરમાં બનાવેલા ગુપ્ત ખાનામાંથી દારૂનો મોટો જથ્થો ઝડપાયો

। આણંદ, તા.૨૨ ।

ગુજરાતમાં દારુબંધી માત્ર કાગળ પર હોય તે વાત અનેક વખત સાબિત થઈ ચૂકી છે. દારુ પીને ડ્રાઈવ કરવાની હોય કે દંગલ કરવાનું હોય, રોજેરોજ આવા બનાવો સામે આવતા રહે છે. આ ઉપરાંત રાજ્યમાં ભાગ્યે જ એવી કોઈ જગ્યા હશે જ્યાં દારુ ન મળતો હોય. આમ દારુબંધીની મોટી મોટી વાતો વચ્ચે હકિકત કઈંક અલગ છે.તો બીજી તરફ જ્યારે પોલીસ દારુ રોકવા માટે કડક કાર્યવાહી કરે છે ત્યારે બુટલેગરો પણ તેમને હાથતાળી આપવા નવા નવા કિમીયા અપનાવતા રહે છે. હવે બૂટલેગરોએ અમૂલના નામનો સહારો લીધો છે. દૂધના ટેમ્પામાંથી દારૂ ઝડપ ાતા ચકચાર મચી જવા પામી છે. આંકલાવના આસોદર પાસેથી આઈસરમાં ગુપ્તખાનું બનાવી લઈ જવામાં આવતો વિદેશી દારૂ ઝડપાયો છે.

આસોદર ચોકડી પાસે બાતમીના આધારે આણંદ ન્નષ્ઠહ્ર પોલીસે રેડ પાડી કાર્યવાહી કરી હતી. અમુલ મિલ્ક લખેલ આઈસરમાં બનાવેલા ગુપ્ત ખાનામાંથી દારૂનો મોટો જથ્થો ઝડપાયો છે.

### શિક્ષકે કરેલા હિન્દુ ધર્મના અપમાન બાદ હિન્દુ સંગઠનો મેદાનમાં આવ્યા

# મહુવાની એમ.એમ. સ્કૂલના શિક્ષકે ભગવાન શિવ વિશે વિવાદીત ટિપ્પણી કરતા વિરોધ

। ભાવનગર, તા.૨૨ ।

ભાવનગરના મહુવાની એમ. એમ. સ્કૂલના શિક્ષકે ભગવાન શિવ અને હિન્દુ ધર્મ અંગે વિવાદિત ટિપ્પ ણી કરતા વિરોધનો વંટોળ ઉઠ્યો છે. શિક્ષકે કરેલા હિન્દુ ધર્મના અપમાન બાદ હિન્દુ સંગઠનો મેદાનમાં આવ્યા છે. હિન્દુ સંગઠનના આગેવાનોએ સમગ્ર ઘટનાને વખોડી શિક્ષક પર કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. બીજી તરફ જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું કે તેમને આ મુદ્દે પ્રાથમિક માહિતી મળી છે, પણ કોઈ ફરિયાદ આવી નથી. જો આ મુદ્દે ફરિયાદ મળશે અને તપાસમાં જો શિક્ષક કસૂરવાર ઠરશે તો તેની સામે પગલાં ભરવામાં આવશે. મહત્વનું છે કે હિન્દીના શિક્ષકે હિન્દુઓ અંધશ્રદ્ધાથી દોરવાઈને શિવલિંગની પૂજા કરતા હોવાનું જણાવ્યું. શિક્ષકે ઈતિહાસનો હવાલો આપીને જણાવ્યું કે આજથી ૨૫૦૦ વર્ષ પહેલા બૌદ્ધ ધર્મની મૂર્તિઓ ખંડિત કરીને તેમાંથી શિવલિંગ બનાવવામાં આવ્યા છે.

### ત્રણ વિઘા વિસ્તારમાં ગાંજાનુ વાવેતર કરવામાં આવ્યુ હોવાનું ઝડપાયુ

# કાંકરેજ નજીકથી ગાંજાની ખેતી ઝડપાઈ, ૧.૨૫ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો

। બનાસકાંઠા, તા.૨૨ ।

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાંથી ગાંજાનુ વાવેતર કરવામાં આવતુ હોવાનુ પોલીસે ઝડપી પાડ્યુ છે. સ્પેશિયલ ઓપ રેશન ગૃપને આ અંગેની બાતમી મળી હતી, જેને લઈ કાંકરેજ વિસ્તારમાં દરોડો પાડતા ત્રણ વિઘા વિસ્તારમાં ગાંજાનુ વાવેતર કરવામાં આવ્યુ હોવાનુ ઝડપાયુ છે. એરંડાની ખેતી સાથે જ ગાંજાની ખેતી કરવામાં આવી રહી હતી. આમ અન્ય ખેતી વચ્ચે ગાંજાનુ વાવેતર પોલીસની નજર બચાવીને કરવામાં આવી રહ્યુ હતુ. બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાંથી ગાંજાનુ વાવેતર કરવામાં આવતુ હોવાનુ પોલીસે ઝડપી પાડ્યુ છે.

સ્પેશિયલ ઓપરેશન ગૃપને આ અંગેની બાતમી મળી હતી, જેને લઈ કાંકરેજ વિસ્તારમાં દરોડો પાડતા ત્રણ વિઘા વિસ્તારમાં ગાંજાનુ વાવેતર કરવામાં આવ્યુ હોવાનુ ઝડપાયુ છે.

## વિશેષ લેખ

### ભારતનું માનવયુક્ત મહત્વાકાંક્ષી મિશન : ગગનયાન

# ઈસરો દ્વારા ૩ ભારતીયોને સ્પેસમાં મોકલવામાં આવશે



## સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ



ભારતીય સ્પેસ એજન્સી ઈસરોએ હાલમાં ચંદ્રની દક્ષિણ ધ્રુવ પર ઉતરાણ કરીને ઈતિહાસ રચી દીધો છે. આ વિસ્તારમાં હજુ સુધી દુનિયાનો કોઈપણ દેશ નથી જઈ શક્યો. . હવે ભારતનું ઈસરો માનવ મિશન ગગનયાન પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ચંદ્રયાનની સફળતા બાદ હવે ISRO ગગનયાન મિશન શરૂ કરવા જઈ રહ્યું છે, જેમાં અવકાશયાત્રીઓને મોકલવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે.આવનારા કેટલાક મહિનામાં ભારતનું સૌથી મોટું મિશન લૉન્ચ થઈ શકે છે, જેમાં માનવોને અવકાશમાં મોકલવામાં આવશે

ગગનયાન એ ઈસરોનું મનુષ્યને સ્પેસમાં મોકલવાનું મિશન છે. પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં ૩ ઍસ્ટ્રોનૉટને મોકલવાનું લક્ષ્ય છે. પૃથ્વીથી ૪૦૦ કિલોમીટર ઉપર. ૨૦૨૫માં ત્રણ દિવસ માટે તેમનો મોકલવાનો કાર્યક્રમ છે અને પછી સુરક્ષિત પૃથ્વી પર લાવવાનું લક્ષ્ય છે.

જો એ સફળ રહેશે તો એનાથી ભારતને સ્પેસમાં ભવિષ્યમાં ઍસ્ટ્રોનૉટ મોકલવાનાં મિશનો માટે મદદ મળશે અને અન્ય પ્રયોગો પણ કરી શકશે. આ મિશનના ભાગરૂપે ઈસરોએ ૨૦ પ્રકારના ટેસ્ટ અને ૩ ઍસ્ટ્રોનૉટ વગરનો પ્રયોગ કરશે.

હમણાં ટેસ્ટ ફ્લાઇટનું લૉન્ચિંગ કરી દેવાયું છે.આ બધા જ પ્રયોગો સફળ રહ્યા બાદ સિંગલ સ્ટેજ લિક્વિડ પ્રોપેલન્ટ રૉકેટ સાથે ચાલકદળ સાથેનું મિશન પણ લૉન્ચ કરવામાં આવશે. ભારતીય વાયુસેનાના કેટલાક પાયલોટ અવકાશયાત્રીઓ તરીકે અવકાશમાં જશે, જેમની તાલીમ પણ લાંબા સમયથી ચાલી રહી છે. ગગનયાન' પ્રૉજેક્ટ ભારતનું અત્યાર સુધીનું સૌથી મોંઘું મિશન હશે. તેની કુલ કિંમત લગભગ ૧૦ હજાર કરોડ રૂપિયા છે.

ISRO અધ્યક્ષ એસ. સોમનાથે કહ્યુ કે આ સિસ્ટમનું પરીક્ષણ કરવા માટે ત્રણ અન્ય પરીક્ષણ TV-D2, TV-D3 અને TV-D4 કરવામાં આવશે. હાલ ફ્લાઈટ ટેસ્ટ વ્હીકલ એબોટ મિશન-૧ (TV-D1)બી તૈયારીઓ ચાલે છે. જે ક્રૂ એસ્કેપ સિસ્ટમ દર્શાવે છે. જો આ મિશન સફળ થશે તો ઓરીજીનલ ગગનયાન મિશન લોન્ચ કરવામાં આવશે. આ મિશનની સફળતા ISRO માટે ખુબ મોટી સફળતા સાબિત થશે. ISROની યોજના હતી કે ગગનયાન દ્વારા ભારતીય અવકાશયાત્રીઓ ૭ દિવસ સુધી પૃ થ્વીની પરિક્રમા કરશે, પરંતુ બાદમાં આ યોજના બદલાઈ ગઈ. એવું કહેવામાં આવ્યું હતું કે ૭ દિવસના બદલે, અવકાશયાત્રીઓ ૧ કે ૩ દિવસ પૃથ્વીની પરિક્રમા કરશે. આ મિશનમાં ગગનયાનનું ક્રૂ મૉડલ પૃથ્વીથી ૪૦૦ કિલોમીટરની ઊંચાઈએ લોઅર અર્થ ઓર્બિટમાં ફરશે. ISROનું આ મિશન અત્યારે સુધીના બધા મિશનથી ખુબજ અલગ અને ખાસ છે. અત્યાર સુધીમાં ભારત દ્વારા કરવામાં આવેલા બધા જ સ્પેસ મિશન માનવ રહિત હતા. પરંતુ આ મિશનમાં માણસને પૃથ્વીથી સ્પેસ શટલ મારફતે અંતરીક્ષમાં મોકલવામાં આવશે. ત્યાં સાત દિવસ વિતાવીને પાછો પૃથ્વી પર આવશે. આ પ્રક્રિયા ખુબ જોખમી છે આથી જ દુનિયામાં ઘણા ઓછા દેશ છે જેણેઆ પ્રકારના સ્પેસ મિશન સફળતાપૂર્વક કર્યા હોય. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ મિશનમાં ભારતીય વાયુસેનાના સક્ષમ પાયલટ્સને મોકલવાની તૈયારી છે. એ જ કારણ છે કે તેની તૈયારીઓમાં દરેક બાબતનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. તેથી આ મિશન ખૂબ જ ખાસ છે કારણ કે તેમાં ભૂલ માટે કોઈ સ્થાન જ નથી. ગગનયાન મિશનનો ઉદેશ્ય મનુષ્યને પૃથ્વીની નીચેની કક્ષામાં મોકલીને તેને બંગાળની ખાડીમાં કે અરબ સાગરમાં ઉતારીને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા લાવવાની ક્ષમતા જોવાનો છે. આ મિશન માટે ચાર અંતરીક્ષયાત્રીની પસંદગી કરવામાં આવી છે. જેમને હાલ બેંગલુરુમાં ક્રૂ-ટ્રેનીંગ અને ગગનયાન મિશન સ્પેસીફીક ટ્રેનીંગ આપવામાં આવે છે. આ મિશનમાં ભાગ લેનારા અવકાશયાત્રીઓને ગગનૌટ કહેવામાં આવશે. આ મિશન માટે અવકાશયાત્રીઓની પસંદગી કરવાનું કામ ભારતીય વાયુસેનાને આપવામાં આવ્યું હતું. ચંદ્રયાન-૩ પછી ISROનું ગગનયાન મિશન ઘણી રીતે ભારત માટે ખાસ હશે.

ISRO આ મિશન દ્વારા પૃથ્વીની નીચલા ભ્રમણકક્ષા (LEO)માં માનવયુક્ત અવકાશયાન મોકલશે. ISROનો ઉદ્દેશ્ય મનુષ્યોને પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં મોકલવાનો અને આમ કરવા માટે સ્વદેશી ક્ષમતા વિકસાવવાનો છે. આ માટે મોટા પાયે તૈયારીઓ કરવામાં આવી છે. ઈસરોનો દાવો છે કે સુરક્ષાની દ્દષ્ટિએ આ મિશન માટે જઈ રહેલા અવકાશયાત્રીઓને પૃથ્વી પર મળે તેવી લાઈફ સપોર્ટ સિસ્ટમ આપવામાં આવશે. તેમની સુરક્ષા માટે ખાસ કાળજી લેવામાં આવી છે. મિશન શરૂ કરતા પહેલા અનેક ટેસ્ટ કરીને તેમની સુરક્ષાની ચકાસણી કરવામાં આવશે. આમાં એર ડ્રોપ ટેસ્ટ (IADT), પેડ એબોર્ટ ટેસ્ટ (PAT) અને ટેસ્ટ વ્હીકલ (TV) ફ્લાઈટનો સમાવેશ થાય છે. આ પરીક્ષણોના પરિણામો જ જણાવશે કે આ મિશન અવકાશયાત્રીઓને લઈ જવા માટે કેટલું સક્ષમ છે. ગગનયાન મિશન બનાવવામાં ISROyu DRDO અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડની પણ મદદ લીધી છે. જો ISRO અવકાશયાત્રીને અવકાશમાં મોકલવામાં સફળ થાય છે, તો તે અમેરિકા, રશિયા અને ચીન પછી માનવીને અવકાશમાં મોકલનાર ચોથો દેશ બની જશે. ઈસરો ગગનયાનમાં બે પુરુષ અને એક મહિલાને અંતરિક્ષમાં મોકલવા માગે છે, જે આ મિશનની સૌથી મોટી વિશેષતા છે. ઈસરોએ અત્યારે અંતરિક્ષયાનમાં અંદરના તાપમાનને નિયંત્રણમાં રાખવાની સિસ્ટમ વિકસાવી લીધી છે અને તેનું સફળ પરીક્ષણ પણ કરી લીધું છે. ઈસરો સૌથી પહેલા પહેલું માનવરહીત યાન છોડશે અનેબીજું માનવરહીત અંતરિક્ષયાન છોડશે. આ પરીક્ષણ સફળ થઈ ગયા પછી ઈસરો સમાનવ અંતરિક્ષ યાન છોડશે. ભારતના અવકાશમાં પ્રથમ માનવ મિશન માટે પસંદ થયેલા ગગનયાત્રી આગામી વર્ષે રશિયાના ગાગારિન કોસ્મોનોટ ટ્રેનિંગ સેન્ટરમાં ટ્રેનિંગ લેવાનું શરૂ કરશે. ભારતના મહત્વાકાંક્ષી ગગનયાન માનવયુક્ત મિશન માટે ભારતીય અવકાશ યાત્રીઓને રશિયા ટ્રેનિંગ આપશે આ મિશન હેઠળ ત્રણ ભારતીય અવકાશમાં જશે. ભારતીય સુરક્ષા દળોના પાયલોટમાંથી આ અવકાશ યાત્રીઓની પસંદગી કરવામાં આવશે. કરવામાં આવશે. હજુ ભારતના અવકાશમાં પ્રથમ માનવ મિશન ગગનયાન માટે ૧૨ સંભવિત યાત્રીઓની પસંદગી કરવામાં આવી છે.ગગનયાન માટે અંતરિક્ષ યાત્રીઓની ટ્રેનિંગ આવતા વર્ષની શરૂઆતમાં શરૂ થશે. અતંરિક્ષ યાત્રીઓને પૃથ્વીની કક્ષામાં મોકલવામાં આવશે અને યાનમાં પૂરતું ઓક્સિજન અને ગગનયાનના યાત્રીઓ માટે જરૂરી અન્ય સામાન સાથે કેપ્સૂલ જોડાયેલું હશે. પહેલા ગગનયાન યાત્રીઓ માટે મહત્તમ વય મર્યાદા ૩૦ વર્ષ રાખવામાં આવી હતી પણ હવે તેને ૪૧ વર્ષ કરી દેવાઈ છે.

## ન્યૂઝ બ્રિફ

### ભારતમાં કેનેડાના અમદાવાદ સહિત ૧૦ સેન્ટર રાબેતા મુજબ કામ કરશે

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારત અને કેનેડા વચ્ચે રાજદ્વારી ઘર્ષણ વચ્ચે કેનેડાએ આખરે પોતાના ૪૧ ડિપ્લોમેટ્સને ભારતમાંથી પાછા બોલાવી લીધા છે. . એ પછી કેનેડાના મંત્રીએ નિવેદન આપ્યુ હતુ કે, આ નિર્ણયની અસર ભારતમાં રહેતા અને કેનેડાના વિઝા મેળવવા માંગતા લોકો પર થશે. જોકે હવે કેનેડા વતી વિઝા સર્વિસ ચલાવતી એજન્સીએ કહ્યુ છે કે, અમારા કામકાજ પર તેની કોઈ અસર નહીં થાય. અમારા ભારતમાં ૧૦ સેન્ટર રાબેતા મુજબ કામ કરશે. આ દસ સેન્ટર દિલ્હી, જલંધર, ચંદીગઢ, મુંબઈ, અમદાવાદ, બેંગ્લુરુ, ચેન્નાઈ, હૈદ્રાબાદ, કોલકાતા અને પૂણેમાં આવેલા છે. એજન્સીએ કહ્યુ છે કે, કેનેડાના ઈમિગ્રેશન વિભાગની સૂચના પ્રમાણે અમારા સેન્ટરો રાબેતા મુજબ કામ કરશે. જ્યાં વિઝા એપ્લિકેશનની કાર્યવાહી રાબેતા મુજબ ચાલતી રહેશે. આ પહેલા ભારતમાં કેનેડાના ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે કહ્યુ હતુ કે, ભારતમાં અમારા ૬૨ ડિપ્લોમેટ્સ હતા. આ પૈકી ૪૧ને ભારતે દેશ છોડી દેવાનો આદેશ આપ્યો હતો. તેઓ દેશ છોડી ગયા છે અને હવે ૨૧ જ ડિપ્લોમેટસ કેનેડામાં છે. જેના કારણે અમારે ઈમિગ્રેશન, રેફ્યુજી એન્ડ સિટિઝનશિપ માટેના કર્મચારીઓની સંખ્યા ૨૭ થી ઘટાડીને પાંચ કરી નાંખી છે.

### હમાસે બે સપ્તાહ પહેલાં બંધક બનાવેલી બે અમેરિકન મહિલાને મુક્ત કરી

। તેલઅવિવ, તા.૨૨ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યુ છે. આજે આ યુદ્ધના બે અઠવાડિયા પૂરા થાય છે અને આ યુદ્ધનો ક્યારે અંત આવશે તે કંઈ નક્કી નથી. આ વચ્ચે હમાસે બે અઠવાડિયા પહેલા બંધક બનાવેલી બે અમેરિકી મહિલાઓને મુક્ત કરી દીધી છે. આ મહિલાઓ માતા-પુત્રી છે. આ બંને મહિલાઓના મુક્ત થયા બાદ અમેરિકી વિદેશ મંત્રી એન્ટોની બ્લિંકનને કતરનો આભાર માન્યો હતો. આ સાથે રાષ્ટ્રપતિ જો બાઈડેને આ મહિલાઓ સાથે ફોન પર વાત કરી હતી અને તેમને પૂછ્યું હતું કે, તેમે ઠીક છો ને. રાષ્ટ્રપતિ જો બાઈડેને મુક્ત કરવામાં આવેલી બંને મહિલાઓ સાથે ફોન પર વાત કર્યા બાદ એક્સ કર્યું. તેમણે કહ્યુ કે, મેં હમણા જ મુક્ત કરવામાં આવેલી બે મહિલા નાગરિકો સાથે વાત કરી. મેં તેમને પૂછ્યુ કે તમે ઠીક છો? અમેરિકન સરકાર તેષ્ની સાથે છે. તેમણે કહ્યુ કે, હું અને જીલ કરોડો અમેરિકનો સાથે હંમેશા ઊભા છીએ. એક બાદ એક કરવામાં આવેલા ટ્વીટમાં રાષ્ટ્રપતિ બાઈડેને કહ્યું કે, મેં ઈઝરાયલના વડા પ્રધાન સાથે વાત કરી અને તેમને ફરીથી શક્ય તમામ સહયોગની ખાતરી આપી છે.

### રિવર્સ ઈમેજ સર્ચ દ્વારા વીડિયોની ખરાઈ કરી શકાય છે

। નવી દિલ્હી, તા.૨૨ ।

દરરોજ સોશિયલ મીડિયા પર સેકડો વીડિયો અપલોડ થતા રહે છે. આ વીડિયોમાં કોઈ વર્તમાન ઘટના સાથે જોડાયેલ છે કે નહી, તેને તમે કેવી રીતે ચેક કરી શકો છો, આવો તેના વિશે વિગતે જાણીએ. આજકાલ ફેક વીડિયોનું ચલણ ખૂબ ઝડપથી વધી રહ્યુ છે. કોઈ પણ વ્યક્તિ આજે ગમે તે ઉઠાવીને અપલોડ કરી દે છે અને લોકો તેને સાચુ માની લે છે. આજે અમે તમને બતાવીએ છીએ કે મોબાઈલમાં સોશિયલ મીડિયા પર આવેલ ફોટા અસલી છે નકલી તે કેવી રીતે જાણી શકીએ. તેને ખુબ જ સરળતાથી જાણી શકીએ છીએ. કોઈ પણ વીડિયો અસલી છે કે નકલી તે જાણવા માટે સૌથી પહેલા તમે રિવર્સ ઈમેજ સર્ચ ટ્રાય કરો. તેના માટે તમારે વીડિયોનો એક સ્ક્રીન શોર્ટ લેવાનો રહેશે અને તે વીડિયો ગુગલ પર દેખાતા કેમેરા આઈકોન પર ક્લિક કરી ફોટો અપલોડ કરવો. જો તમારી પાસે ફોટોનો યુઆરએલ (યુઆરએલ) છે તો તમે તેને પણ પેસ્ટ કરી શકો છો. જો વીડિયો અથવા ફોટો નકલી હશે તો તમને એ ખબર પડી જશે કે આ કઈ ઘટના સાથે જોડાયેલ છે અને ક્યારે ઈન્ટરનેટ પર અપલોડ થઈ હતી.

### હવામાન વિભાગે આપી દીધી છે ચેતવણી

# નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

। નવી દિલ્હી, તા.૨૨ ।

હવામાન વિભાગે સૌ કોઈને સાવચેત રહેવા માટે આપી દીધી છે ચેતવણી. કારણકે, ભારે વરસાદ સાથે વાવાઝોડાની સંભાવના છે. દેશમાં કેવી રહે છે હવામાનની સ્થિતિ તેનો ચિતાર અહીં જાણો વિગતવાર. હવામાન વિભાગ (IMD) અનુસાર, આગામી ચાર દિવસ સુધી મુશળધાર વરસાદ પડશે. તોફાન અને વીજળી પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. દેશમાંથી ચોમાસાએ વિદાય લીધી છે. આમ છતાં ભગવાન ઈન્દ્ર અનેક ક્ષેત્રોમાં અત્યંત દયાળુ છે. હવામાન વિભાગ (IMD) ના એલર્ટ અનુસાર, દક્ષિણ-પશ્ચિમ અરબી સમુદ્ર પર એક ચક્રવાત વાવાઝોડું ગંભીર સ્વરૂપ ધારણ કરે તેવી શક્યતા છે, જે હવામાનમાં ફેરફારનું કારણ બનશે. ચક્રવાતી તોફાન વચ્ચે કેરળમાં ભારે વરસાદનું એલર્ટ છે. આગામી ચાર દિવસ સુધી અહીં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

તોફાન અને વીજળી પડવાની ચેતવણી જારી કરવામાં આવી છે. આ જ એલર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે તામિલનાડુમાં ૨૧ અને ૨૨ ઓક્ટોબરે ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૨૩મી ઓક્ટોબરથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની ઓછી અસર સક્રિય થવાની શક્યતા છે. જેની અસર હવામાન પર જોવા મળશે. જેના કારણે રાજ્યમાં ઝરમર વરસાદ પડી શકે છે.

આગામી કેટલાક દિવસો સુધી હવામાન શુષ્ક રહી શકે છે. અને ઠંડીની વધુ અસર થશે. ફતેહપુર, શેખાવતી, સીકર, સિરોહી, હનુમાનગઢ વગેરે જિલ્લામાં લઘુત્તમ પારો ૧૫ ડિગ્રીએ પહોંચી ગયો છે. કહેવામાં આવી રહ્યું છે કે ૨૬ ઓક્ટોબરની વચ્ચે રાજ્યમાં ઘણી જગ્યાએ હળવો વરસાદ થવાની સંભાવના છે. ૨૭ ઓક્ટોબરથી ૨ નવેમ્બર સુધી હવામાન શુષ્ક રહેશે. ઉત્તર-પૂર્વની વાત કરીએ તો નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ તમામ રાજ્યોમાં ૨૪ અને ૨૫ ઓક્ટોબરે વરસાદ જોવા મળશે. આસામમાં ૨૫ ઓક્ટોબરે હળવાથી મધ્યમ વરસાદની ચેતવણી છે. પૂર્વ ભારતમાં ઓડિશા રાજ્યના દરિયાકાંઠાના જિલ્લાઓમાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૩ થી ૨૫ ઓક્ટોબર સુધી અહીં ભારે વરસાદ પડી શકે છે.

### રાહુલ દ્રવિડે કહ્યું આ બરાબર નથી

# ICCએ અમદાવાદ અને ચેન્નાઈની પિચને "એવરેજ" રેટિંગ આપ્યું

## દ્રવિડનું કહેવું છે કે પિચ પર માત્ર રન બનવા જરૂરી નથી સ્પિન બોલિંગની આવડતને પણ ધ્યાનમાં લેવી જરૂરી છે

। નવી દિલ્હી, તા.૨૨ ।

તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં હાઈ-પ્રોફાઈલ મુકાબલો થયો હતો. પરંતુ અમદાવાદની ક્રિકેટ પિચથી ICC પ્રભાવિત નથી થયું અને આ પિચને 'એવરેજ' રેટિંગ આપ્યું છે. એટલે કે સારી ક્વોલિટીની કહી શકાય તેવી પિચમાં અમદાવાદનો સમાવેશ નથી થતો. આ ઉપરાંત ચેન્નાઈની પિચને પણ એવરેજ રેટિંગ આપવામાં આવ્યું છે. ભારતીય ટીમના કોચ રાહુલ દ્રવિડ આ રેટિંગ સાથે સહમત નથી. દ્રવિડનું કહેવું છે કે ૩૫૦ થી વધુ રન બને તેવી પિચને



જ સારી ગણવામાં આવે તે યોગ્ય નથી.

રાહુલ દ્રવિડે કહ્યું છે કે હાઈ સ્કોરિંગ રમત થાય તેવી માત્ર સ્ટાન્ડર્ડાઈઝ્ડ પિચને વખાણવાથી બીજી સ્કીલનું મહત્ત્વ ઘટી જાય છે. કોઈ પણ ગેમમાં સ્પિન બોલિંગ અને સ્ટ્રાઈક રોટેશન પણ જોવી જોઈએ. ICCએ અમદાવાદ અને ચેન્નાઈની પિચને એવરેજ રેટિંગ આપ્યું તેની સામે રાહુલ દ્રવિડે સખત વાંધો ઉઠાવ્યો છે. તેણે કહ્યું કે ICCએ માત્ર એવી પિચને ગૂડ રેટિંગ આપ્યું છે જે સ્ટાન્ડર્ડાઈઝ્ડ પિચ ગણવામાં આવે છે અને જ્યાં ઢગલાબંધ રન બની શકે છે જે બરાબર નથી.

દ્રવિડે કહ્યું કે તે ICCના રેટિંગ સાથે સહમત નથી. માત્ર બે પિચને એવરેજ રેટિંગ આપવામાં આવ્યું તે બરાબર નથી. તમે માત્ર ૩૫૦થી વધારે રન બનાવે તેવી પિચને જ સારું રેટિંગ આપો તો તે બરાબર ન કહેવાય. "આપણે અલગ પ્રકારની સ્કિલનો પણ વિચાર કરવો જોઈએ.

### ક્રિકેટરને કારની ઓવરસ્પિડિંગ માટે દંડ થયો હતો


# રોહિતે કાર ૨૦૦ નહીં ૧૦૫/૧૧૭ કિમીની ઝડપી ચલાવી હતી

## સ્પીડ લિમિટના ઉલ્લંઘનની આ ઘટના ૧૭ ઓક્ટોબરે બની હતી અને નિયમો અનુસાર કાર્યવાહી કરવામાં આવી

। નવી દિલ્હી, તા.૨૨ ।

ગુરુવારે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાયેલી મેચની પૂર્વસંધ્યાએ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્મા વિશે સમાચાર આવ્યા હતા કે તેણે ૨૦૦ કિમી/કલાકની ઝડપે મુંબઈ-પુણે હાઈવે પર કાર દોડાવી હતી.

જેના કારણે તેની સામે ત્રણ ઓનલાઈન ટ્રાફિક ચલણ જારી કરવામાં આવ્યા હતા. જે પછી રોહિતના ફેન્સ અને ક્રિકેટ નિષ્ણાંતો વચ્ચે જોરદાર ચર્ચા ચાલી રહી હતી કે રોહિત આ કેવી રીતે કરી શકે છે. પરંતુ હવે જાણવા મળ્યું છે કે રોહિતની કારની ગતિ ૨૦૦ કિમી/કલાકની





આસપાસ પણ ન હતી.મળેલા અહેવાલ મુજબ રોહિતે મુંબઈ-પુણે હાઈવે પર ૧૦૫ કિમી/કલાક અને ૧૧૭ કિમી/કલાકની ઝડપે ગાડી ચલાવી હતી. હવે જ્યારે અહીં મહત્તમ ઝડપ મર્યાદા ૧૦૦ કિમી/કલાક છે, ત્યારે તેને બે વખત મર્યાદા તોડવા બદલ દંડ ફટકારવામાં આવ્યો હતો. દરેક ઘટના માટે ૨,૦૦૦ રૂપિયાના હિસાબે રોહિત પાસેથી કુલ ૪,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો. રોહિતે ગુરૂવારે દંડની રકમ ભરી દીધી હતી. હાઈ-વે પોલીસના અધિક્ષકે પુષ્ટિ આપી હતી કે, "સ્પીડ લિમિટના ઉલ્લંઘનની આ ઘટના ૧૭ ઓક્ટોબરે બની હતી અને નિયમો અનુસાર કાર્યવાહી કરવામાં આવી હતી. રોહિત શર્મા દ્વારા દંડનીઓ રકમ તરત જ ચૂકવવામાં આવી હતી. અગાઉ એવા અહેવાલો આવ્યા હતા કે રોહિત શર્મા ૨૦૦ કિમી/કલાકની ઝડપે ગાડી ચલાવી રહ્યો હતો, જે બિલકુલ સાચા નથી. હાઈવે પર રોહિતની કારે સ્પર્શ કરેલી મહત્તમ ઝડપ મર્યાદા ૧૧૭ કિમી/કલાક હતી. આ સમય દરમિયાન એક્સપ્રેસ વેની બંને બાજુ લગાવેલા કેમેરામાં તેની કાર કેદ થઈ ગઈ હતી.





ધર્મશાલાના એચપીસીએ સ્ટેડિયમ ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે વર્લ્ડ કપની મેચ દરમિયાન દર્શકો દ્વારા મેચનો ભરપૂર આનંદ ઉઠાવામાં આવ્યો હતો.

### રાશિદ લતીફ, નિજ્જર અને હવે દાઉદ મલિક ઢેર

# વિદેશી ધરતી પર ભારતના ઘણા દુશ્મનનો ખાત્મો થયો

## દાઉદ મલિકને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો છે

। નવી દિલ્હી, તા.૨૨ ।

વિદેશી ધરતી પર ભારતના મોસ્ટ વોન્ટેડ દુશ્મનનો સતત ખાત્મો થઈ રહ્યો છે. લશ્કરથી લઈને ખાલિસ્તાની આતંકીઓને અજાણ્યા હુમલાખારોએ ઢેર કર્યો છે. આ તે ગુનેગારો છે, જે ભારત માટે લાંબા સમયથી માથાનો દુખાવો બનેલા છે. નવો મામલો દાઉદ મલિકનો. ભારતના આ મોસ્ટ વોન્ટેડ દુશ્મન પાકિસ્તાનના ઉત્તરી વજીરિસ્તાનમાં માર્યો ગયો છે. દાઉદ મલિક મોસ્ટ વોન્ટેડ આતંકી મૌલાના મસૂદ અઝહરનો નજીકનો હતો. આવો જાણીએ અત્યાર સુધી ક્યાં ભારતના વોન્ટેડ આતંકીઓનો ખાત્મો થઈ ચુક્યો છે.

વર્ષ ૨૦૧૬માં ભારતના પઠાણકોટમાં આતંકવાદી હુમલો થયો હતો. તેનો માસ્ટરમાઈન્ડ હતો જૈશ-એ-મોહમ્મદનો આતંકવાદી શાહિદ લતીફ. તે એનઆઈએના વોન્ટેડ લિસ્ટમાં હતો. પાકિસ્તાનના સિયાલકોટમાં તેની ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હતી.

વર્ષ ૨૦૨૦માં ભારતે હરદીપ સિંહ નિજ્જરને આતંકવાદી જાહેર કર્યો હતો. જૂનમાં કેનેડામાં બે અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારી તેની હત્યા કરી હતી. એજન્સીઓ પ્રમાણે નિજ્જર ખાલિસ્તાન ટાઈગર ફોર્સ (કેટીએફ) માટે રિક્રૂટમેન્ટ કરવા સિવાય તેને ટ્રેનિંગ આપવાનું કામ કરતો હતો. રિયાઝ અહમદ લશ્કર-એ-તૈયબાનો ટોપ કમાન્ડર હતો. જાન્યુઆરી ૨૦૨૩માં ડાંગરી આતંકી હુમલાનો માસ્ટરમાઈન્ડ તે હતો. ૧ જાન્યુઆરીએ રાજૌરીમાં આતંકી હુમલામાં ૭ લોકોના મોત થયા હતા અને ૧૪ લોકોને ઈજા થઈ હતી. પીઓકેના રાવલકોટમાં રિયાઝ અહમદની અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારી હત્યા કરી દીધી હતી.

# સ્વિસ પ્રેમિકાને ભારત બોલાવી શંકાશીલ પ્રેમીએ હત્યા કરી દીધી

। નવી દિલ્હી, તા.૨૨ ।

ગુનાખોરી માટે જાણીતા દિલ્હીમાં હવે એક સ્વિસ મહિલાની હત્યા થઈ છે. સ્વિટ્ઝર્લેન્ડની નાગરિક મહિલાની હત્યા તેના ભારતીય પ્રેમી દ્વારા કરવામાં આવી હતી અને તેનો મૃતદેહ એક પ્લાસ્ટિકના કોથળામાં ભરીને કારમાં છુપાવવામાં આવ્યો હતો. આ મહિલાના શરીર પર ઈજાના નિશાન છે અને તેનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી. પોલીસને જ્યારે આ મૃતદેહ મળ્યો ત્યારે તે લોખંડની સાંકળોથી બાંધેલો હતો. શરીર પર ઈજાના નિશાનો પરથી સ્પષ્ટ છે કે હત્યારાએ તેના પર અત્યાચાર કર્યો હતો.

દિલ્હી પોલીસને નીના બર્જર નામની મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે અને આ કેસમાં તેના પ્રેમી ગુરપ્રિત સિંહની ધરપકડ કરવામાં આવી છે. શુક્રવારે પશ્ચિમ દિલ્હીના તિલક નગર એરિયામાંથી ડેડ બોડી મળી આવી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે ગુરપ્રિત અને નીનાની મુલાકાત સ્વિટ્ઝર્લેન્ડમાં થઈ હતી. ત્યાર પછી તેઓ મિત્ર બની ગયા હતા અને વારંવાર મળતા હતા. આ બંનેની મુલાકાત ડેટિંગ એપ પર થઈ હોવાનું માનવામાં આવે છે.

ગુરપ્રિત ઘણી વખત નીનાને મળવા માટે સ્વિટ્ઝર્લેન્ડ જતો હતો, પરંતુ તેને શંકા હતી કે તેની ગેરહાજરીમાં નીના બર્જર બીજા કોઈ પુરુષ સાથે સંબંધ ધરાવતી હતી. ત્યાર પછી ગુરપ્રિતે નીનાને દિલ્હી આવવા માટે કહ્યું. ગુરપ્રિત સિંહની માંગણીને માન આપીને ૧૧ ઓક્ટોબરે નીના બર્જર દિલ્હી આવી હતી. પરંતુ ગુરપ્રિતે તેની હત્યા કરવાનો પ્લાન ઘડી લીધો હતો. ૫ દિવસ પછી ગુરપ્રિત નીનાને એક રૂમમાં લઈ ગયો જ્યાં તેના હાથ-પગ બાંધી દીધા અને ગળું દબાવીને હત્યા કરી નાખી. થોડા સમય માટે તેણે બર્જરના મૃતદેહને એક કારમાં રાખ્યો હતો જે કાર તેણે એક મહિલાની આઈડી પર ખરીદી હતી. પરંતુ કારમાંથી દુર્ગંધ આવવાની શરૂઆત થતા તેણે મહિલાની ડેડ બોડી એક રસ્તા પર ફેંકી દીધી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

### ગાઝિયાબાદમાં કોલેજના કલ્ચરલ પ્રોગ્રામમાં વિવાદ

# જય શ્રી રામ બોલનારા છાત્રને મંચ પરથી ઊતારી દેનારા બે મહિલા પ્રોફેસર સસ્પેન્ડ

## ઓડિયન્સમાંથી જય શ્રી રામ બોલતાં વિદ્યાર્થીએ પણ સામે જય શ્રી રામ બોલીને જવાબ આપતા મહિલા પ્રોફેસર નારાજ થયા હતા

। ગાઝિયાબાદ, તા.૨૨ ।

ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં એબીઈએસ એન્જિનિયરિંગ કોલેજમાં કલ્ચરલ પ્રોગ્રામ દરમિયાન એક વિદ્યાર્થીએ જય શ્રી રામ બોલતાં ત્યાં હાજર મહિલા પ્રોફેસરે તેને મંચ પરથી નીચે ઉતારી દીધો હતો. આ મામલે વીડિયો સામે આવ્યા બાદ મહિલા પ્રોફેસરને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે એબીઈએસએન્જિનિયરિંગ કોલેજના પ્રોગ્રામનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો હતો. તેમાં જોઈ શકાય છે કે કોલેજમાં યોજાઈ રહેલા પ્રોગ્રામ દરમિયાન મંચ પર એક વિદ્યાર્થી પરફોર્મ કરવા પહોંચે છે. સામે ઓડિયન્સમાંથી કોઈએ જય શ્રી રામ બોલતાં વિદ્યાર્થીએ પણ સામે જય શ્રી રામ બોલીને જવાબ આપ્યો હતો. મંચ પર હાજર વિદ્યાર્થી દ્વારા જય શ્રી રામ બોલવા અંગે મહિલા પ્રોફેસરે નારાજગી વ્યક્ત કરી હતી. તેઓ મંચની નજીક ગયા અને વિદ્યાર્થીને બોલતા અટકાવી દીધો અને મંચ પરથી ઉતરી જવા કહી દીધું. વિદ્યાર્થીએ કહ્યું કે પહેલા ઓડિયન્સમાંથી કોઈએ જય શ્રી રામ કહ્યું હતું. જેના બાદ તેણે જવાબમાં કહ્યું હતું. જોકે કોઈએ ઘટનાનો વીડિયો બનાવી લીધો હતો અને તે વાયરલ થઈ ગયો છે. હવે એબીઈએસ કોલેજના મેનેજમેન્ટે પ્રોફેસર મમતા ગૌતમ અને ડૉ. સ્વેતા શર્માને સસ્પેન્ડ કરી દીધા છે.

### પાક.ના પૂર્વ વડાપ્રધાન ૨૦૧૯થી શરીફ લંડનમાં રહે છે

# પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ વતન પાછા ફરશે

## પાકિસ્તાનની એક સ્થાનિક કોર્ટે નવાઝ શરીફની ધરપકડ પર રોક લગાવતા શરીફનો વતન વાપસીનો માર્ગ મોકળો

। ઈસ્લામાબાદ, તા.૨૨ ।

પાકિસ્તાનના પૂર્વ પીએમ નવાઝ શરીફની ચાર વર્ષ બાદ આજે ઘર વાપસી થઈ રહી છે. ૨૦૧૯થી શરીફ લંડનમાં રહે છે. ગુરુવારે પાકિસ્તાનની એક સ્થાનિક કોર્ટે નવાઝ શરીફની ધરપકડ પર રોક લગાવ્યા બાદ તેમનો પાકિસ્તાન પાછા ફરવાનો માર્ગ મોકળો થયો છે. આજે તે લાહોર પહોંચે તેવી શક્યતા છે. નવાઝને ૨૦૧૮માં કોર્ટે ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવીને જેલમાં ધકેલી દીધા હતા. એ પછી તેમને સારવાર માટે વિદેશ જવા માટે ૨૦૧૯માં કોર્ટે મંજૂરી આપી હતી. ત્યાર પછી શરીફ લંડનમાં જ રહે છે.

નવાઝ શરીફ સામેના કેસ હજી પણ કોર્ટમાં પેન્ડીંગ છે. આ સંજોગોમાં પાકિસ્તાન પાછા ફરતાની સાથે જ તેમની ધરપકડ કરવામાં આવે તેવી સંભાવના હતી અને તેના કારણે શરીફ પાછા આવવાનુ ટાળી રહ્યા હતા. જોકે કોર્ટે ગુરુવારે એક અરજીની સુનાવણી દરમિયાન નવાઝની ૨૪ ઓક્ટોબર સુધી ધરપકડ નહીં કરવા માટે આદેશ આપ્યો છે. જેના પગલે શરીફ આજે પાકિસ્તાન પાછા ફરશે. તેમના સ્વાગતમાં લાહોર એરપોર્ટ પર તેમની પાર્ટી પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝના હજારો કાર્યકરો ઉમટી પડે તેવી શક્યતા છે. શરીફના ભાઈ અને પાકિસ્તાનના પૂર્વ પીએમ શાહબાઝ શરીફે પણ કાર્યકરોને નવાઝ શરીફનુ ભવ્ય સ્વાગત કરવા માટે અપીલ કરી છે.

## તંત્રી લેખ...

# ચૂંટણીઓની રણનીતિ પર વિચાર-વિમર્શ

પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીઓની વેગવાન થતી તૈયારીઓ વચ્ચે મધ્ય પ્રદેશમાં સીટોની વહેંચણીને લઈને કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી (સપા) વચ્ચે જે કડવો વિવાદ બહાર આવ્યો છે, તેનાં પરિણામ ના તો મધ્ય પ્રદેશ સુધી સીમિત રહેવાનાં છે કે ના વિધાનસભા ચૂંટણીઓ સુધી. સમાજવાદી પાર્ટીના ચીફ અખિલેશ યાદવે કહી પણ દીધું છે કે જ્યારે લોકસભા ચૂંટણીઓ માટે સીટોની વહેંચણીની વાત થશે, ત્યારે યુપીમાં કોંગ્રેસ સાથે તે એવો જ વ્યવહાર કરશે, જેવો તેની સાથે મધ્ય પ્રદેશમાં કરવામાં આવ્યો છે. જોકે આ વાત પહેલેથી જ કહેવામાં આવતી હતી કે વિપક્ષી દળોનું ગઠબંધન રાષ્ટ્રીય સ્તર પર અને લોકસભા ચૂંટણીઓ માટે કરવામાં આવ્યું છે. તો એમાં એવી કોઈ વાત નથી જે અખિલેશ યાદવ કે તેમની સમાજવાદી પાર્ટીને સમજમાં ન આવે. પરંતુ સવાલ એ છે કે જો વાત એટલી સાફ જ હતી તો પછી મધ્ય પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ વિધાનસભા ચૂંટણીઓને લઈને તેની સાથે કોઈ વાતચીત શરૂ જ કેમ કરી? કેમ એ નેતાઓને આ ચૂંટણીઓની રણનીતિ પર વિચાર-વિમર્શ માટે બોલાવવામાં આવ્યા અને જેવું કે સમાજવાદી પાર્ટીનો દાવો છે, તેના માટે છ સીટો છોડવાની તૈયારી પણ દેખાડવામાં આવી અને કેમ બાદમાં કોઈ સ્પષ્ટીકરણ વિના તમામ સીટો પર કોંગ્રેસના ઉમેદવાર જાહેર કરી દેવામાં આવ્યા? આ પ્રકરણ પર કોંગ્રેસનું કોઈ સત્તાવાર નિવેદન હજુ આવ્યું નથી, પરંતુ યુપી કોંગ્રેસના અધ્યક્ષ અજય રાયે જે પ્રતિક્રિયા અખિલેશ યાદવના નિવેદન પર આપી છે તેનાથી એટલું ચોક્કસ સ્પષ્ટ થાય છે કે પાર્ટી આ મુદ્દે બચાવની મુદ્રામાં નથી. કોંગ્રેસનું કહેવું છે કે મધ્ય પ્રદેશમાં ૨ ૨ સીટો પર ઉમેદવાર ઊભા કરીને સમાજવાદી પાર્ટીએ ભાજપની મદદ કરવાની પોતાની દાનત સ્પષ્ટ કરી દીધી છે. એકંદરે, આ આરોપ-પ્રત્યારોપ અને આકરી નિવેદનબાજી વચ્ચે પણ કોઈ વિપક્ષી ગઠબંધન વિરુદ્ધ કશું નથી બોલી રહ્યું. સમાજવાદી પાર્ટીએ પણ એમ નથી કહ્યું કે તે કોંગ્રેસ કે અન્ય વિપક્ષી દળો સાથે લોકસભા ચૂંટણીઓમાં ગઠબંધન નહીં કરે. તેનું કહેવું માત્ર એટલું જ છે કે એ સમયે કોંગ્રેસ સાથે 'જેવા સાથે તેવા'ની તર્જ પર વ્યવહાર કરવામાં આવશે. તેનો સાચો મતલબ અસલમાં શું છે અને તે એ જ સમયે સ્પષ્ટ થશે, પરંતુ હાલમાં એટલું ચોક્કસ કહી શકાય કે જો ખરેખર વિપક્ષી દળો વિપક્ષી ગઠબંધનને લઈને ગંભીર જ હોય અને તેને જાળવી રાખવા માંગતા હોય તો તેમણે પોતાના મતભેદોની પતાવટ માટે કોઈ બહેતર રીત શોધવી જોઈએ. જે મતભેદ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ઉપજ્યા છે, તે આપ સહિત તમામ અન્ય પ્રાદેશિક પક્ષો સાથે પણ ઉભરી જ શકે છે. એવામાં એકબીજાની જાહેરમાં ટીકા કરતા આ પક્ષો જ્યારે થોડા મહિના બાદ લોકસભા ચૂંટણીના પ્રસંગે ખભેખભો મિલાવી ઊભા રહેલા જોવા મળશે તો આમ મતદારો માટે તેમના ગઠબંધનની વિશ્વસનીયતા સ્વાભાવિક રીતે જ શંકાસ્પદ થઈ જવાની છે.

## દેશની પહેલી રેપિડેક્સ પરિયોજના સંચાલનમાં આવી જશે

દિલ્હી અને તેની આસપાસના વિસ્તારો વિશ્વની સૌથી મોટી નગરીય વસ્તીઓમાંની એક છે. એવા વિસ્તારના સંતુલિત અને સતત વિકાસ માટે સક્ષમ અને કિફાયતી જાહેર પરિવહન એક અનિવાર્ય પાસું છે. દિલ્હી-એનસીઆરની એવી જ જરૂરિયાતની પૂર્તિ માટે નેશનલ કેપિટલ રિજન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (એનસીઆરટીસી)એ રેપિડેક્સ જેવો વિકલ્પ ઉપલબ્ધ કરાવ્યો છે. આ રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (આરઆરટીએસ) પરિયોજનાને સાકાર રૂપ આપવા માટે ભારત સરકાર ઉપરાંત ઉત્તર પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાન સરકારો સાથે આવી છે. આ તેમનો સંયુક્ત ઉપક્રમ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રેપિડેક્સના દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠ કોરિડોરના સાહિબાબાદ-દુહાઇ ખંડનું ઉદ્ઘાટન કરશે. સાથે જ દેશની પહેલી રેપિડેક્સ પરિયોજના સંચાલનમાં આવી જશે. રેપિડેક્સનું લ-ય લોકોને તેજ, સુરક્ષિત, આરામદાયક અને ભરોસેમંદ યાત્રા પ્રદાન કરવાનું છે અને તે પણ કિફાયતી દરો પર. પોતાના આ લ-યની પૂર્તિ માટે રેપિડેક્સ એક સમયે ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી દોડતી નજરે પડશે. દિલ્હી-મેરઠ એક્સપ્રેસવે પહેલાં દિલ્હી અને મેરઠ વચ્ચેની યાત્રા બહુ મુશ્કેલી ભરી રહેતી હતી, પ રંતુ હવે સ્થિતિઓ બદલાઈ ગઈ છે. તેમાં આરઆરટીએસની પણ મહત્ત્વની ભૂમિકા રહેશે. તેની વાણિજ્યિક સેવાઓ શરૂ થયા બાદ અનુમાન છેકે તેનાથી ૧૮ લાખ ટન કાર્બન ડાયોક્સાઇડ જેટલો કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદ મળશે. આરઆરટીએસને મૂર્ત રૂપ આપવાના રસ્તામાં કોવિડ-૧૯ જેવા કેટલાય પડકારો છતાં તેનું કામ ઝડપથી થયું છે. કામ એટલી ઝડપથી થઈ રહ્યું છે કે જૂન-૨૦૨૫ સુધી પહેલું ચરણ સંપૂર્ણ રીતે આકાર લેશે. આ અનોખી પરિયોજનાનું એક વિશિષ્ટ પાસું એ છે કે તેણે મેરઠ મેટ્રોને આરઆરટીએસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડવાનું કામ કર્યું છે. તેનાથી સરકારી ખજાનાને લગભગ ૬૩૦૦ કરોડની બચત થઈ છે. યાત્રીઓને સગવડ મળવાની સાથે જ તેના કેટલાય બીજા લાભ પણ જોવા મળશે. આ મહત્ત્વાકાંક્ષી પરિયોજના 'મેક ઈન ઈન્ડિયા' અને ભારતની વિનિર્માણ ક્ષમતાઓની સફળતાની પણ પરિચાયક છે. તેના માટે દેશની પહેલી પ્રમાણિત હાઈસ્પીડ રોલિંગ સ્ટોક અને સો ટકા ટ્રેન સેટ ગુજરાતના સાવલીમાં બનાવવામાં આવ્યા છે. પ્લેટફોર્મ સ્ક્રીન ડોર્સ (પીએસડી)ની ડિઝાઈન અને નિર્માણ પણ પહેલી વાર સંપૂર્ણ સ્વદેશી સ્તર પર થઈ. તેના માટે એનસીઆરટીસી અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (બીઈએલ)ની ભાગીદારી રંગ લાવી. જાહેર પરિવહનના સ્તર પર આ પહેલ અસલમાં દેશની નવી ક્ષમતાઓનો શંખનાદ છે. આ પરિયોજના પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન (એનએમપી)ને અનુરૂપ જ ડિઝાઈન કરવામાં આવી છે, જેથી એક કોરિડોરથી બીજા કોરિડોર વચ્ચે આરઆરટીએસની નિર્બાધ આવાજાહીથી મલ્ટી-મોડેલ કનેક્ટિવિટી મૂર્ત રૂપ લઈ શકે અને તેમાં યાત્રીઓને ઈન્ટરચેન્જની કોઈ દુવિધા સહન ન કરવી પડે. યાત્રીઓની સુવિધા માટે આરઆરટીએસ સ્ટેશનોને હાલના બસ ટર્મિનલો, રેલવે અને મેટ્રો સ્ટેશનો સાથે જોડી આપવામાં આવ્યા છે. આરઆરટીએસ ટ્રેનોમાં મહિલાઓ માટે વિશેષ કોચ હશે. એટલું જ નહીં, પ્રત્યેક કોચમાં મહિલાઓ, બાળકો, બુજુર્ગો અને દિવ્યાંગો માટે પણ વિશેષ સીટો ચિહ્નિત કરવામાં આવશે. આપણી પરિચાલન ક્ષમતાઓના ૪૦ ટકા હિસ્સો મહિલાઓએ જ સંભાળેલો છે. આપાત સ્થિતિમાં દર્દીઓને સમયસર જરૂરી સ્વાસ્થ્ય સુવિધાઓ સુધી પહોંચાડવા માટે ગ્રીન કોરિડોર સુવિધા જેવી પહેલ પણ કરવામાં આવી છે. સાર્વજનિક પરિવહનના સ્તર પર ભારતમાં પહેલી વાર એવું થવા જઈ રહ્યું છે. એનસીઆરટીસી નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (એનસીએમસી)ને પણ લાગુ કરવા જઈ રહ્યું છે.

# નોમના નૈવેદ્ય જમીને મા એ વિદાય લીધી અને ભક્તોને ઐશ્વર્યના વરદાન આપ્યાં, ઐશ્વર્ય એટલે જ્ઞાનને વિદ્યાનાં વિસ્તારથી કમાયેલું ધન



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)





હે મા જગત જનની.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આઠમના હોમ હવન કર્યા અને અવની પર આજે છેલ્લી રાત હોવાથી રાત્રે મા ખૂબ રમ્યા, ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ ના.. રઢિયાળી રાતડીનો રંગ જો જે જાય ના, ધ્રુજે ના ધરતી તો રમઝટ કહેવાય ના.. આઠમની રાતડીએ આંખ ઘેરાય ના.. આજે આસો નવરાત્રીનો નવમો દિવસ એટલે કે નવમું નોરતું અને નવમે નોરતે આપણે ત્યાં માતાજીને નૈવેદ્ય ધરવામાં આવે છે. તમે જમવાને આવો અંબે માત રે.. જાતજાતના પકવાન ધરાવું, મેવા મીઠાઈ માં શું શું લાવું! મેં જાણ્યું કે તું તો છો દીન દયાળુ.. આમ આજે દરેક ઘરમાં માતાને નૈવેદ્યમાં પોતાના અંતરનો મીઠો મીઠો ભાવ ધરવામાં આવશે. દરેકના કુળમાં મા ભગવતીનાં જુદા જુદા રૂપ સ્વરૂપનું અનુસંધાન કરી, અને તેને ભજવામાં આવે છે, તેને આપણે કુળદેવી પણ કહેતા હોઈએ છીએ. પરંતુ અંતે તો જગદંબા એક જ છે, એ પણ આપણે સૌ જાણીએ છીએ. દરેક સમાજ અને જ્ઞાતિઓમાં પોતાના ઈષ્ટદેવ અને કુળદેવીને આરાધવાના ભજવાના અને નૈવેદ્યમાં ધરાવતા પકવાનો એમનાં રીત રિવાજો કે પરંપરા મુજબ અલગ અલગ હોય છે, કોઈને લાપસી હોય, કોઈને લાડુ હોય, તો કોઈને સુખડી હોય, કુલર હોય, કોઈને ખીર રોટલી હોય, કોઈને ખીચડી પણ હોય, કોઈને ખીર વડા હોય, પરંતુ નોમના નૈવેદ્યમાં મોટે ભાગે ખીર વડા નું નૈવેદ્ય ધરાવતા હોય છે. આપણે ત્યાં ત્રિદેવ તરીકે બ્રહ્મા વિષ્ણુ અને મહેશની કલ્પના છે, પણ મા આદ્યશક્તિ તો આદિ અનાદિ શક્તિ તરીકે એની પણ પહેલા અસ્તિત્વ ધરાવતી હતી, અને આ વાત ખુદ ભગવાન નારાયણ દેવર્ષિ નારદને કહે છે, અને અમાસ પછીની પ્રતિપ્રદા એટલે કે એકમથી પૂનમ સુધી માતાજીને કયા દ્રવ્યથી પૂજન કરવું અને કયુ દ્રવ્ય નૈવેદ્યમાં ધરાવું એ વિશે વિસ્તૃત વાત કરે છે, પરંતુ આપણે અત્યારે એમાં જવું નથી. ફક્ત નોમને દિવસે મા ભગવતી ને દૂધમાં પકાવેલા ડાંગર ધરવાનું સ્વયં વિષ્ણુ એ કહ્યું છે, અને એટલે ત્યારથી નોમને દિવસે નવેદમાં ખીર રંધાય છે, પ છી સ્વાદ અનુસાર એની સાથેનું બધું એડ થતું ગયું હોઈ શકે. ખીરના મિષ્ટાનનો ગળ્યો સ્વાદ જીભને મનભાવન છે, અને સ્વાસ્થ્ય માટે પણ લાભદાયક છે.શરદ ઋતુમાં ખીર ખાવાના ફાયદા પણ ઘણા છે, અને એટલે જ શ્રાદ્ધમાં ખીર દૂધપાક બને છે અને આપણે ત્યાં શરદ પૂનમે દૂધપૌવા પણ ખવાય છે. આ ઉપરાંત માતાજી આજે વિદાય લેવાના છે, એ ભાવ પણ ભક્તને ભીંજવતો હોય, એટલે કે એના દુ:ખી હ્રદયને ખીર થોડીક સાતા પણ આપે, અને એમાં પણ મા જગદંબાએ આરોગી છે એ પ્રસાદ તરીકે ગ્રહણ કરીએ એ તો ભાવ જ સર્વોપરી હોય.

**શ્રી સુક્તમ**

આપઃ સૃજંતુ સ્નિગ્ધાનિ ચિક્લીત વસ મે ગૃહે ।
નિ ચ દેવીં માતરં શ્રિયં વાસય મે કુલે ॥ ૧૨ ॥

ઓ ચિકલીતા ઋષિ કે જે લક્ષ્મીનાં બીજા પુત્ર છે, જળ-દેવતાઓની હાજરી જેવી રીતે મૈત્રીપૂર્ણ વાતાવરણ બનાવે છે, તેવી જ રીતે આપ મારી સાથે રહો. તમારા દ્વારા શ્રીદેવીને મારા પરિવારમાં નિવાસ કરાવો.

આર્દ્રાં પુષ્કરિણીં પુષ્ટિં પિંગલાં પદ્મમાલિનીમ્ ।
ચંદ્રાં હિરણ્મયીં લક્ષ્મીં જાતવેદો મ આવહ ॥ ૧૩ ॥

હે અગ્નિ, મારા માટે લક્ષ્મીનું આહ્વાન કર, જે કમળના તળાવના પાણી જેવી દયાળુ, પાલનપોષણ કરનાર, પુષ્કળ, કમળથી માળાવાળી, ચંદ્રની જેમ ચમકતી, સુવર્ણથી શોભિત છે.

આર્દ્રાં યઃ કરિણીં યષ્ટિં સુવર્ણાં હેમમાલિનીમ્ ।
સૂર્યાં હિરણ્મયીં લક્ષ્મીં જાતવેદો મ આવહ ॥ ૧૪ ॥

હે અગ્નિ, હું દેવી લક્ષ્મીનું આહ્વાન કરું છું, જે કલ્યાણકારી, મનોકામના પૂર્ણ કરનારી, સોનાથી શણગારેલી, સૂર્યની જેમ ચમકતી અને સોનેરી રંગની છે.

તાં મ આવહ જાતવેદો લક્ષ્મીમનપગામિની'' ।
યસ્યાં હિરણ્યં પ્રભૂતં ગાવો દાસ્યોઽશ્વાન, વિંદેયં પુરુષાનહમ્ ॥ ૧૫ ॥

હે અગ્નિ, જે જતો નથી અને જે પ્રસન્ન થાય ત્યારે મને પુષ્કળ સોનું, ગાય, દાસીઓ, ઘોડાઓ અને નોકરોની પ્રાપ્તિ થાય છે, મારા માટે આવી અચળ લક્ષ્મીનું આહ્વાન કરજો.

અંતે વેદ પુરુષ અગ્નિ દેવને કહીને મા ભગવતી પાસે અચળ લક્ષ્મીનું આહવાન કરે છે. આપણે પણ ગઈકાલે જ જોયું કે ગર્ભ શ્રીમંતની લક્ષ્મી અચળ હોય છે, અને એની પાસે પુષ્કળ સોનુ, ગાય, દાસીઓ, ઘોડા, અને નોકરો હોય છે, અને એ આ બધાનું શોષણ નહીં પણ પોષણ કરીને ઠાઠથી જીવી શકે છે. પરંતુ એ અચળતા એમનેમ ટકી રહેતી નથી એની માટે અલક્ષ્મીના આંતર બાહ્ય સ્વરૂપને દૂર રાખવું પડે છે. એટલે કે સતત જાગૃત રહેવું પડે છે. આપણી પાસે જે લક્ષ્મી છે, એના ઉપયોગ વિશે સતત વિચારતા રહેવું પડે છે, અને એમાંથી ઉત્તમ કાર્યમા એનો ઉપયોગ કરવો પડે છે, તો જ એ અચળ રહી શકે. લક્ષ્મીજીને આહવાન કરવું અને પ્રસન્ન કરવા એ કંઈ બહુ મોટી વાત નથી, એ તો સાધક ભક્તના હ્રદયના નિર્મળ અને પવિત્ર ભાવથી તરત આવે છે. પરંતુ એને ટકાવી રાખવી હોય તો, આપણે એના પતિના મૂળ સ્વભાવ અનુસાર જીવવું પડે, કારણ કે અંતે તો દેવી પણ એક પતિવ્રતા સ્ત્રી છે, એટલે એ પણ જ્યાં તેના પતિનો નિવાસ છે, ત્યાં જ નિવાસ કરે છે. એટલે હ્રદયમાં રામ હશે, તો ત્યાં લક્ષ્મીનો ભક્તિ રૂપેનું સીતા સ્વરૂપ હશે,અને ધન ઐશ્વર્યની સાથોસાથ શાંતિ અને આનંદ આપનારું હશે, આમ પણ ઐશ્વર્ય એટલે માત્ર વિપુલ સંપત્તિ એવો અર્થ થતો જ નથી! ઐશ્વર્ય એટલે જ્ઞાન અને વિદ્યાના વિસ્તાર થી કમાયેલું ધન જેમાં મનની તો ઈચ્છા હોય પણ વાણીનું સાતત્ય હોય. જીવનનો ઉદ્દેશ શ્રી એટલે કે સૌનું શુભ મંગલ કરનારી દેવી ની કૃપા હોય, અને મારા દ્વારા એ કૃપા પ્રાણી માત્ર માટે રહે અને એ રીતે જે સંપત્તિ આવે એને ઐશ્વર્ય કહેવાય જેની માંગ વેદનો જાતક અગ્નિ દેવ નાં માધ્યમથી મા ભવાની ને કરે છે આપણી સંસ્કૃતિમાં રામાયણ નું ખૂબ જ મહત્વ છે અને રામાયણ નું મુખ્ય પ્રાત્ર એટલે કે સીતા જન્મની કથાથી આપણે સૌ વાકેફ છીએ. એટલે કે રાજા જનકના મિથિલા પ્રદેશમાં ભયંકર દુષ્કાળ આવ્યો અને પોતાની પ્રજાને પોતાના સંતાન માનતા રાજા જનક અત્યંત દુ:ખી થઈ ગયાં, એમણે વરસાદ થાય એ માટે હોમ હવન યજ્ઞ બધું જ કર્યું, કોઈ સંત મહાત્મા એ એને કહ્યું કે એ હળ ખેડશે તો દુષ્કાળ દૂર થશે, એમણે હળ ચલાવ્યું અને ધરતીમાતાની પુત્રી તરીકે માતા સીતા એમને પ્રાપ્ત થયાં, અને માતા સીતાના આવવાથી રાજા જનકના રાજ્યમાં ધનના ઢગલા થવા લાગ્યાં, અને રાજા જનકની સ્વયંની પણ કીર્તિ અને પ્રસિદ્ધિ વધવા લાગી. એટલે કે મા દુર્ગાનું નવમું સ્વરૂપ સિદ્ધિદાત્રી તરીકે મા સીતા એના જીવનમાં આવ્યાં, અને એના જીવન એ નવી આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત કરી. આપણે સૌ પણ આનંદના નૈવેદ્ય કરી, મા જગત જનની જગદંબાને આપણાં થકી સૌનું કલ્યાણ થશે, એવાં મીઠા મીઠા મનોભાવ અર્પણ કરીએ, અને માત્ર સ્થૂળ રૂપે ગરબાની વિદાય કરી, હ્રદયમાં એનો નિત્ય નિવાસ અંકિત કરીએ, બાકીનું જીવન સત્ય પ્રેમ કરુણા અને કલ્યાણના માર્ગે રીતે એવી રીતે જીવીશું એવો એક શુદ્ધ સંકલ્પ પણ કરીએ. સકલ બ્રહ્માંડની ઉત્પત્તિ કરનાર વિશે તો આપણે શું વધુ લખી શકીએ પણ આપણું અસ્તિત્વ જેના થકી છે એ કોઠે ક્યારેય લ્હાય ન વર્તાય અને એ પણ આપણા થકી તો નહીં જ! આ ઉપરાંત દેશની સંસ્કૃતિ પણ આપણી માતા છે તો એનું પતન ન થાય એ જોવાનું કર્તવ્ય પણ આપ ણું જ છે, માતૃભાષાની ગરિમા ઘટે નહીં એમ ઘરમાં પણ અભદ્ર બોલવું નહીં, બસ આખું વર્ષ આવી નાની વાતોનું ધ્યાન રાખવામાં આવે તો માતાનું શ્રી સ્વરૂપ કે લક્ષ્મી સ્વરૂપ આપણે ત્યાં નિત્ય નિવાસ કરશે. કનકધારા સ્તોત્ર અને શ્રી સૂક્તમનાં જાતકની ઈચ્છા મુજબ આપણે જીવીને લક્ષ્મીજીનો આપણે ત્યાં નિત્ય નિવાસ કરાવી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના મા ભગવતીને ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# ઉમંગને ઉત્સાહનો થાળ ભરીને એ લાવી લાવી લાવી દુઃખ દર્દ જીવનના દીધા એણે ભુલાવી ભુલાવી ભુલાવી સિધ્ધિદાત્રિ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





નવમ્ સિધ્ધિદાત્રી ચ નવદુર્ગાઃ પ્રકીર્તિતાઃમ ઉક્તાન્યાતિ નામાનિ બ્રહ્મણેવ મહાત્માય સિધ્ધગન્ધર્વયક્ષાયરસુરેરમરેપિ સેવ્યમાના સદા ભૂયાત્ સિદ્ધિદા સિધ્ધિ દાયિનીય

ભારતીય સંસ્કૃતિમાં વ્રત તહેવાર આરાધના ઉપાસનાનું આગવું મહત્વ છે. આ બધામાં આસો માસના નવલાં નોરતાંની મોજ તો ગુજરાતના રાસ ગરબાની રમઝટ માટે શ્રાવણ માસથી પગમાં થનગનાટ શરૂ થાય. આ વર્ષે નવ નોરતાં પુરા આવ્યાં ગમ્યું. આજે મા શકિતની આરાધના ઉપાસના નો છેલ્લો દિવસ આ આરાધના ઉપાસના દરમ્યાન જે મલીનતા બહાર આવી તેનું આવતીકાલે દહન કરી વિજયોત્સવ દશેરો શસ્ત્ર પૂજન સાથે મનાવીશું. શરદપૂનમની સાથે દિપોત્સવી-નૂતન વર્ષના વધામણા માટેની તૈયારીઓ શરૂ થશે. નવદુર્ગાના સિદ્ધિ અને મોક્ષ આપનારા સ્વરૂપને સિદ્ધિદાત્રી કહે છે. સિદ્ધિદાત્રીની પૂજા નવરાત્રના નવમા દિવસે કરવામાં આવે છે. દેવ, યક્ષ, કિન્નર, દાનવ, ઋષિ- મુનિ, સાધક અને ગૃહસ્થ આશ્રમ માં જીવનયાપન કરનારા ભક્ત સિદ્ધિ દાત્રીની પૂજા કરે છે. તેનાથી તેમને યશ,બળ અને ધનની પ્રાપ્તિ થાય છે. સિદ્ધિદાત્રી દેવીએ તમામ ભક્તોને મહાવિધા ઓની અષ્ટ સિદ્ધિઓ પ્રદાન કરે છે, જે શુદ્ધ અને સાચા મનથી તેમની આરાધના કરે છે.

મા દુર્ગાજીની નવમી શક્તિનું નામ સિદ્ધિદાત્રી છે. તેઓ સર્વે સિદ્ધિ ઓને આપનારા છે.માર્કંડેયપુરાણ મુજબ અણિમા, મહિમા, ગરિમા, લધિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ -આ આઠ સિદ્ધિઓ હોય છે. બ્રહ્મવૈવર્તપુરાણના શ્રીકૃષ્ણ જન્મખંડમાં આ સંખ્યા અઢારની દર્શાવવામા આવી છે.

તેમના નામ આ પ્રમાણે છેઃ (૧) અણિમા (૨) લધિમા (૩) પ્રાપ્તિ (૪) પ્રાકામ્ય (૫) મહિમા (૬) ઈશિત્વ, વાશિત્વ (૭) સર્વકામા વસાયિતા (૮) સર્વજ્ઞત્વ (૯) દૂરશ્રવણ (૧૦) પરકાયપ્રવેશન (૧૧) વાકસિદ્ધિ (૧૨) કલ્પવૃક્ષત્વ (૧૩) સૃષ્ટિમા સિદ્ધિ દાત્રી (૧૪) સંહારકરણસામર્થ્ય (૧૫) અમરત્વ (૧૬) સર્વન્યાયકત્વ (૧૭) ભાવના (૧૮) સિદ્ધિ ભક્તો અને સાધકોને આ સર્વે સિદ્ધિઓ પ્રદાન કરવા સમર્થ છે. દેવીપુરાણ મુજબ ભગવાન શિવે તેમની કૃપાથી જ આ સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી, તેમની અનુકંપાથી જ ભગવાન શિવનું અડધું શરીર દેવીનું બન્યું હતું.

આ જ કારણે તેઓ આ લોકમાં ૨અર્ધનારીશ્વર નામે પ્રસિદ્ધ થયા. મા સિદ્ધિદાત્રી ચાર ભુજાઓ વાળા છે. તેમનું વાહન સિંહ છે. તેઓ કમળ પર પણ બિરાજમાન થાય છે.એમના જમણી બાજુના નીચેના હાથમાં ચક્ર, ઉપરવાળા હાથ માં ગદા તેમજ ડાબી બાજુના નીચેના હાથમાં શંખ અને ઉપરવાળા હાથમાં કમળ શોભાયમાન છે. નવરાત્રિ પૂજનના નવમા દિવસે તેમની ઉપાસના કરવામાં આવે છે. આ દિવસે શાસ્ત્રીય વિધિ-વિધાન અને પૂર્ણ નિષ્ઠા સાથે સાધના કરનારા સાધકને સર્વે સિદ્ધિઓ પ્રાપ્ત થઈ જાય છે. સૃષ્ટિમાં કંઈ પણ તેના માટે અગમ્ય રહેતું નથી. બ્રહ્માંડ પર પૂર્ણ વિજય પ્રાપ્ત કરવાનું સામર્થ્ય તેનામાં આવી જાય છે.પ્રત્યેક મનુષ્યનું એ કર્તવ્ય છે કે તે મા સિદ્ધિદાત્રીની કૃપા પ્રાપ્ત કરવાનો પ્રયાસ નિરંતર કરે. તેમની આરાધના કરવા આગળ વધે. તમની કૃપાથી અનંત દુ:ખરૂપ સંસારમાં નિર્લિપ્ત રહીને સમસ્ત સુખોનો ભોગ કરતાં કરતાં તે મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

નવદુર્ગાઓમાં મા સિદ્ધિદાત્રી છેલ્લાં છે. અન્ય આઠ દુર્ગાઓની પૂજા- ઉપાસના શાસ્ત્રીય વિધિ વિધાન અનુસાર કરતાં કરતાં ભકત દુર્ગા પૂજાના નવમા દિવસે એમની ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે.આ સિદ્ધિ દાત્રીમાની ઉપાસના પૂર્ણ કરી લીધા બાદ ભક્તો અને સાધકોની લૌકિક-પારલૌક્કિ સર્વે પ્રકારની કામનાઓની પૂર્તિ થઈ જાય છે; પરંતુ સિદ્ધિદાત્રી માના કૃપાપાત્ર ભકતના હૃદયમાં એવી કોઈ કામના શેષ રહેતી જ નથી, જે તે પૂર્ણ કરવા માગે, તેની બધી સાંસારિક ઈચ્છાઓ, આવશ્યકતા ઓ અને સ્પૃહાઓથી ઉપર ઉઠીને માનસિક રૂપે મા ભગવતી ના દિવ્ય લોકોમાં વિચરણ કરતાં અને તેમના કૃપા-રસ- પિયુષનું નિરંતર પાન કરતાં કરતાં વિષપન્ત્યોગ-શૂન્ય થઈ જાય છે. મા ભગવતીનું પરમ સાનિધ્ય જ તેનું સર્વસ્વ બની જાય છે.આ પરમપદને પામ્યા બાદ તેને અન્ય કોઈ પણ વસ્તુની આવશ્યકતા રહેતી જ નથી.નવમા દિવસે સિદ્ધિદાત્રીને ફળ, હલવો, પૂરી, કાળા ચણા અને નારિયેળનો ભોગ ધરાવવામાં આવે છે.જે ભક્ત નવરાત્રીનું વ્રત કરી નવમા પૂજન સાથે સમપાન કરે છે, તેમને આ સંસારમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ હોય છે. આ દિવસે દુર્ગાસપ્તશતીના નવમા અધ્યાયથી માતાનું પૂજન કરો. નવરાત્રમાં આ દિવસે દેવી સહિત તેમના વાહન, સાયુજ એટલે કે હથિયાર, યોગનીઓ અને અન્ય દેવીદેવતાઓનાં નામથી હવન કરવાનું વિધાન છે. તેનાથી ભોગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. માતાજીની પૂજા બાદ કુંવારી કન્યાઓને ભોજન કરાવવામાં આવે છે. તેમને માતાના પ્રસાદની સાથે દક્ષિણા આપવામાં આવે છે અને ચરણસ્પ ર્શ કરી આશીવાદ લેવામાં આવે છે.

આઠ દિવસ વ્રત, નવમી પૂજા અને કન્યાઓને ભોજન કરાવ્યા બાદ માતાજી ગરબીને વિદાય આપવામાં આવે છે. વાચક ચાહક શુભેચ્છક મિત્રો નવ દિવસ આપ સૌ નવદુર્ગાની આરાધના ઉપાસનામાં એકાગ્રતા પ્રાપ્ત કરી હશે.કલમ થકી આપના સુધી નવ દિવસ કંઈક પિરસવા કોશિષ કરી છે. જેમાં કંઈ ક્ષતિ રહી હોય તો ક્ષમ્ય ગણશો.નવ રાત્રિ દિવસની આરાધના ઉપાસના થકી વિકૃ તિઓ મલીનતા દેખાઈ હોય તો આવતીકાલે રાવણ સાથે દહન કરી દીપોત્સવી- ૨૦૮૦ના નૂતન વર્ષની પરિવાર કુંટુંબમાં ઉજવણી કરો તેવી શુભેચ્છા નવલા નોરતાની આરાધના ઉપાસનાનું ઉત્તમ ફળ મા શકિત ભવાની સૌને આપે તેવી પ્રાર્થના.

# ફ્લોરલ સાડીમાં સોનમ કપૂરે આપ્યા કિલર પોઝ



## આ સાડી ગોલ્ડન તેને બ્લાઉઝ સાથે પહેરી હતી

। મુંબઈ, તા.૨૨ ।

સોનમ કપૂર ફેશનની બાબતમાં ખૂબ જ સ્ટાઈલિશ છે અને તે દરેક લુકમાં બેજોડ લાગે છે. ભલે સોનમ ફિલ્મોમાં ભાગ્યે જ જોવા મળે, પણ તેનો પ્રભાવ સોશિયલ મીડિયા પર ચાલુ રહે છે, તો ચાલો તેના લેટેસ્ટ એથનિક લૂક પર એક નજર કરીએ. આ તાજેતરની તસવીરોમાં સોનમ કપૂર લાઈટ પિંક કલરની ફ્લોરલ પ્રિન્ટેડ સાડીમાં સુંદર લાગી રહી છે. આ ફોટા શેર કરતી વખતે, સોનમ કપૂરે તેમને કૅપ્શન આપ્યું-@zoyajewels દ્વારા હોસ્ટ કરવામાં આવેલી કેટલી સુંદર સાંજ છે. સોનમ કપૂરની આ તસવીરોને તેના લાખો ચાહકો દિલ ખોલીને લાઈક અને કોમેન્ટ કરતા જોવા મળે છે. સોનમ કપૂરે આ સાડી ગોલ્ડન બ્લાઉઝ સાથે પહેરી હતી. સોનમ કપૂરે ડાયમંડ નેકલેસ, વીંટી, કાનની બુટ્ટીઓ અને ચહેરા પર સુંદર સ્મિત સાથે તેના લુકને કમ્પ્લિટ કર્યો હતો. સોનમ કપૂરની સુંદરતાના લાખો લોકો દિવાના છે. તેની દરેક અદા ફેન્સને પસંદ આવે છે.

# Leoએ માત્ર ૨ દિવસમાં ૧૦૦ કરોડની કમાણી કરી




। મુંબઈ, તા.૨૨ ।

સાઉથના સુપરસ્ટાર થલાપતિ વિજયની ફિલ્મ 'લિયો' બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. ઘણા સમયથી થલાપતિ વિજયની આ ફિલ્મને લઈને ચાહકોમાં અદ્ભુત ક્રેઝ હતો. ફિલ્મના એડવાન્સ બુકિંગે શાહરૂખ ખાનની 'જવાન'ને પણ પાછળ છોડી દીધી હતી. એવું કહેવામાં આવી રહ્યું હતું કે વિજયની આ ફિલ્મ ઘણા મોટા રેકોર્ડ બનાવવા જઈ રહી છે અને કંઈક એવું જ થયું. ૧૯ ઓક્ટોબરે રિલીઝ થયેલી આ ફિલ્મે રેકોર્ડ બ્રેક ઓપનિંગ લીધી છે. ફિલ્મે પ્રથમ દિવસે કુલ ૬૮ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જ્યારે વર્લ્ડવાઈડ ફિલ્મે ૧૪૮.૫૦ કરોડની કમાણી કરી હતી. વિશ્વભરમાં કોઈ કોલીવુડ ફિલ્મને આટલી મોટી ઓપનિંગ મળી નથી. પહેલા દિવસે રેકોર્ડ તોડ્યા બાદ ફિલ્મના બીજા દિવસનું કલેક્શન પણ સામે આવ્યું છે. થલાપતિ વિજયની ફિલ્મે તેના બીજા દિવસે ૩૫ કરોડ રૂપિયાનું બોક્સ ઓફિસ કલેક્શન કર્યું છે. એકંદરે, ફિલ્મે માત્ર ૨ દિવસમાં ઘરેલુ બોક્સ ઓફિસ પર ૧૦૩ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. તમને જણાવી દઈએ કે વિજયની આ ફિલ્મ ૨૫૦-૩૦૦ કરોડના બજેટમાં બની છે. જે દરે ફિલ્મની કમાણી થઈ રહી છે, તે ખૂબ જ ટૂંક સમયમાં ૫૦૦ કરોડના ક્લબમાં પ્રવેશવા જઈ રહી છે. આ ફિલ્મ વિજયના કરિયરની સૌથી મોટી ઓપનર પણ સાબિત થઈ છે. આ ફિલ્મનું નિર્દેશન લોકેશ કનાગરાજે કર્યું છે અને સેવન સ્ક્રીન સ્ટુડિયો દ્વારા નિર્મિત છે. 'લિયો'ના ડિજિટલ રાઈટ્સ નેટફ્લિક્સ પાસે છે. આ ફિલ્મના સેટેલાઈટ રાઈટ્સ સ્ટાર વિજય પાસે છે. તમને જણાવી દઈએ કે લીયો પાંચ ભાષાઓ હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમમાં રિલીઝ થઈ છે.


# સિંગર નેહા ભસીને બેડ પર આપ્યા બોલ્ડ પોઝ



। મુંબઈ, તા.૨૨ ।

સિંગર નેહા ભસીન સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને અવારનવાર ઈન્સ્ટાગ્રામ પર તેના વીડિયો અને ફોટો પોસ્ટ કરતી રહે છે. બિગ બોસ ઓટીટી સીઝન ૧' ફેમ નેહા ભસીને તેના બોલ્ડ લુકથી લોકોને દિવાના બનાવી દીધા છે. નેહા ભસીન ઈન્ડસ્ટ્રીની જાણીતી ગાયિકા અને ગીતકાર છે. બોલિવૂડ સિવાય તે સાઉથ ઈન્ડસ્ટ્રી માટે પણ કામ કરે છે અને ત્યાં પણ તે ઘણી ફેમસ છે. તેમનું ભારતીય પોપ અને પંજાબી લોક સંગીત પણ ખૂબ પ્રખ્યાત છે. આ સિવાય તે રિયાલિટી શો 'બિગ બોસ ઓટીટી સીઝન ૧'નો પણ ભાગ હતી, જેને કરણ જોહર હોસ્ટ કરી રહ્યો હતો. તે સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે અને પોતાના બોલ્ડ અને બોલ્ડ એક્ટ્સથી બધાને ચોંકાવી દે છે. તાજેતરમાં જ નેહા ભસીને ફરી એકવાર પોતાના બોલ્ડ ફોટોઝથી ફેન્સને દિવાના બનાવી દીધા છે.

# અનિલ કપૂરે ઇન્સ્ટાગ્રામ પરથી પોતાની તમામ પોસ્ટ કરી ડિલીટ



। મુંબઈ, તા.૨૨ ।

બોલિવૂડના એક્ટર અનિલ કપૂર વિશે એક ચોંકાવનારા સમાચાર આવી રહ્યા છે. વાસ્તવમાં સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહેનારા અભિનેતાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટની તમામ પોસ્ટ અને તસવીરો ડિલીટ કરી દીધી છે. જો કે, અભિનેતાએ પોતે આ બધી પોસ્ટ ડીલિટ કરી દીધી છે કે પછી તેનું એકાઉન્ટ હેક કરવામાં આવ્યું છે તેને લઈને કોઈ જાણકારી બહાર આવી નથી. એક્ટર અનિલ કપૂર પોતાની ફિલ્મોની સાથે સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. ઘણીવાર કલાકારો પોતાના ફોટા અને જીમના વીડિયો પણ ફેન્સ સાથે શેર કરતા હોય છે. પરંતુ હવે તેના એકાઉન્ટમાંથી તમામ વીડિયો અને તસવીરો ડિલીટ કરી દેવામાં આવી છે. જ્યારે અનિલ કપૂરે આ કર્યું ત્યારે તેમની દીકરી સોનમે રિએક્શન આપ્યું છે. અભિનેતાના ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલનો સ્ક્રીનશોટ શેર કરીને સોનમે લખ્યું, ડેડ! અનિલ કપૂરના ઈન્સ્ટાગ્રામ પર લગભગ ૫.૮ મિલિયન ફોલોઅર્સ છે જ્યાં તે અવારનવાર તેના ફેન્સ સાથે તેના ફોટા અને વીડિયો શેર કરે છે. જો કે, તાજેતરમાં તેણે તેની તમામ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ્સ ડિલીટ કરીને બધાને ચોંકાવી દીધા હતા. અનિલ કપૂરના ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલનો સ્ક્રીનશોટ શેર કરીને સોનમે લખ્યું ડેડ! અનિલ હાલમાં જ આદિત્ય રોય કપૂર અને શોબિતા ધૂલીપાલા સાથે વેબ સિરીઝ 'ધ નાઈટ મેનેજર'માં જોવા મળ્યા.

# કરીના કપૂરની તસવીરો વાયરલ થઈ



। મુંબઈ, તા.૨૨ ।

કરીના કપૂરના બ્રાઈડલ લૂકના ફોટાએ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે. તસવીરોમાં અભિનેત્રીએ પીળા, ગોલ્ડન અને ચિકંકરી વર્કના કોમ્બિનેશન સાથે લહેંગા ચોલી પહેરી છે. જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. આ કિલર લુકમાં કરીના કેમેરા સામે એવા કિલર પોઝ આપી રહી છે કે ચાહકો તેના ચહેરા પરથી નજર હટાવી શકતા નથી. હવે કરીનાની આ તસવીર જ જુઓ. આમાં, કરીનાએ તેના માથા પર પલ્લુ, તેના કપાળ પર એક મોટી બિંદી અને તેના ગળામાં વિવિધ રંગના પથ્થરો સાથેનો ભારે ગળાનો હાર પહેર્યો છે. હવે અભિનેત્રીનો આ ફોટો જ જુઓ. આમાં કરીના ઘૂંઘટમાં છે અને તેની આંખો નીચેની તરફ છે. આ ફોટો જોઈને લાગે છે કે નવપરિણીત દુલ્હન શરમ અનુભવી રહી છે. કરીનાએ આ ચળકતી લાલ સાડી સાથે ટ્યુબ સ્ટાઈલનું બ્લાઉઝ પહેર્યું હતું અને તેના વાળને બનમાં બાંધ્યા હતા. આ સાથે તેણે તેના ગળામાં મરૂન કલરનો સ્ટોન વર્કવાળો નેકલેસ પહેર્યો હતો. કરીના કપૂરે પોતાના બ્રાઈડલ લૂકના ફોટો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યા છે. કરીના કપૂરે આ ફોટા શેર કરતાની સાથે જ ચાહકોએ તેના લુકના વખાણ કરવાનું શરૂ કરી દીધું હતું. તમને જણાવી દઈએ કે, કરીના છેલ્લે ફિલ્મ 'જાને જાન'માં જોવા મળી હતી જેમાં જયદીપ અહલાવત અને વિજય વર્મા લીડ રોલમાં હતા. આ ફિલ્મ નેટફ્લિક્સ પર રિલીઝ કરવામાં આવી હતી. આ સાથે, આ કરીનાનું OTT પર ડેબ્યુ હતું.



# શાહરૂખનો પુત્ર આર્યન ખાને ગરીબ લોકોને પૈસા આપ્યા

શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાન ફરી એકવાર ચર્ચામાં છે, પરંતુ આ વખતે તેનું ચર્ચામાં આવવાનું કારણ કંઈક અલગ છે. સુપરસ્ટારના પુત્ર આર્યન ખાનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જે વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં લોકો આર્યન ખાનની દરિયાદિલીના વખાણ કરી રહ્યા છે. થોડા કલાકો પહેલા એક વીડિયો સામે આવ્યો છે, આ વીડિયોમાં આર્યન ખાનની કાર મુંબઈના ટ્રાફિકમાં ફસાયેલી જોવા મળી હતી. આ સમય દરમિયાન આર્યન ખાને કંઈક એવું કર્યું જેને લોકોનું ધ્યાન ખેંચ્યું. આ વીડિયોમાં જોવા મળે છે તે મુજબ કેટલીક ગરીબ મહિલાઓ તેની કારની સામે આવી રહી હતી અને તેની પાસે પૈસા માંગી રહી હતી. આર્યન ખાને તેના ડ્રાઈવરને ઘણા પૈસા આપીને મોકલ્યો અને તેને મહિલાઓમાં વહેંચવા કહ્યું. હાલમાં શાહરૂખ ખાનના પુત્રની દરિયાદિલી જોઈને દરેક તેના વખાણ કરવા મજબૂર થઈ ગયા છે. આર્યન ખાનના વીડિયો પર ફેન્સ જોરદાર કોમેન્ટ કરી રહ્યા છે. ઘણા લોકો આર્યનના આ જેસ્ચરના વખાણ કરી રહ્યા છે. એક ફેને કોમેન્ટમાં લખ્યું કે 'ગરીબોની મદદ કરવી તેમનું ટ્રેડિશન છે. તેની બહેન સુહાના ખાને પણ આવું જ કર્યું હતું. આ સિવાય અન્ય એક યુઝરે લખ્યું છે કે 'આર્યને સાબિત કરી દીધું છે કે તે શાહરૂખ ખાનનો પુત્ર છે.' જ્યારે આ સિવાય અન્ય એક યુઝરે લખ્યું છે કે 'મારી પાસે કોઈ શબ્દો નથી. શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાન ટૂંક સમયમાં બોલિવુડમાં ડેબ્યૂ કરતો જોવા મળશે. તેની વેબ સિરીઝ પર કામ ચાલી રહ્યું છે. આર્યન ખાનની સાથે સુહાના ખાન પણ આ વર્ષે બોલિવુડમાં ધૂમ મચાવતી જોવા મળશે. સુહાના ખાન ધ આર્ચીઝથી બોલિવુડમાં ડેબ્યૂ કરશે.

# Tiger-3ના પ્રથમ ગીત લેકે પ્રભુ કા નામનું પાવરફુલ ટીઝર રિલીઝ




। મુંબઈ, તા.૨૨ ।

સલમાન ખાન તેની આગામી ફિલ્મ 'ટાઈગર ૩'ને લઈને ચર્ચામાં છે. તે જ સમયે સલમાન ખાનના ફેન્સ પણ ટાઈગર ૩ ની ઉત્સાહથી રાહ જોઈ રહ્યા છે. દર્શકો ફરી એકવાર 'ટાઈગર' અને 'ઝોયા'ની જોડીને એકસાથે જોવા માટે આતુરતા પૂર્વક રાહ જોઈ રહ્યા છે. ફિલ્મને લઈને ચર્ચાઓ થઈ રહી છે. આ દરમિયાન ટાઈગર ૩ ના પ્રથમ ગીત 'લેકે પ્રભુ કા નામ'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે. આ ગીત એકદમ શાનદાર છે. આ ગીત બોલિવૂડના જાણીતા સિંગર અરિજીત સિંહ દ્વારા ગવાયેલું છે. લેકે પ્રભુ કા નામ' ગીતમાં સલમાન અને કેટરીના વચ્ચે જોરદાર કેમેસ્ટ્રી જોઈ શકાય છે. ટીઝરની શરૂઆત સલમાન ખાન અને કેટરીના આર બેક લાઈનથી થાય છે. આ સોન્ગમાં સલમાન અને કેટરીના કેફ અલગ અંદાજમાં જોવા મળી રહ્યા છે. ગીતના શબ્દો લોકોના હોઠ પર અત્યારથી જ રમતા થયા છે. સલમાન ખાન અને કેટરિના કૈફે ટાઈગર ૩ ના પહેલા ગીત 'લેકે પ્રભુ કા નામ'નું ટીઝર સોશિયલ મીડિયા પર રિલીઝ કર્યું છે. ગીતમાં સલમાન-કેટરિના ફુલ સ્વેગમાં જોવા મળ્યા છે. ગીતના ટીઝરમાં સલમાન અને કેટરીનાનો ડાન્સ ફેન્સને પસંદ આવ્યો છે. બધા કમેન્ટ્સ પણ કરી રહ્યા છે. આ ગીત 'લેકે પ્રભુ કા નામ' ૨૩ ઓક્ટોબરના રોજ રિલીઝ થવાનું છે. જો રિપોર્ટ્સનું માનીએ તો ૨૦૧૪માં એક એવોર્ડ શો દરમિયાન સલમાન અને અરિજીત વચ્ચે થોડોક અણબનાવ એટલે કે નોકજોક થઈ ગઈ હતી. આ ઘટનાને લગભગ ૧૦ વર્ષ વીતી ગયા છે. આ સિંગર અરિજીત સિંહે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે. પોસ્ટમાં અરિજિતે સલમાનને ભૂતકાળ ભૂલી જવાની અપીલ કરી છે. તે કહે છે કે જે થયું તે થઈ ગયું, હવે અરિજિત નથી ઈચ્છતો કે તેની અગાઉની લડાઈની અસર ટાઈગર ૩ના આ ગીત પર પડે. આ YRF ફિલ્મ ૧૨ નવેમ્બરે મોટા પડદા પર રિલીઝ થશે. જો અહીંયા આ સ્ટાર કાસ્ટની વાત કરીએ તો આ ફિલ્મમાં ઈમરાન હાશ્મી, કુમુદ મિશ્રા, રેવતી, રિદ્ધિ ડોગરા અને અનંત વિધાત મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

# શિલ્પા શેટ્ટી અલગ આઉટફિટ્સમાં દેખાઈ

। મુંબઈ, તા.૨૨ ।

તહેવારોની મોસમ નજીકમાં છે અને દરેક વ્યક્તિ તહેવારોના દિવસોમાં સ્ટાઈલિશ અને ફેશનેબલ દેખાવા માંગે છે. શિલ્પા શેટ્ટીએ હાલમાં જ તેની કેટલીક તસવીરો શેર કરી છે, જેને તમે તહેવારોની સિઝનમાં પહેરીને તમારી જાતને એક ભવ્ય દેખાવ આપી શકો છો. આ તસવીરોમાં શિલ્પા શેટ્ટી અલગ અને ખૂબ જ સ્ટાઈલિશ આઉટફિટ્સમાં જોવા મળી રહી છે. તમને જણાવી દઈએ કે શિલ્પા શેટ્ટી ખૂબ જ સ્ટાઈલિશ છે અને તે દરેક લુકને ખૂબ જ સારી રીતે કેરી કરે છે. એથનિકથી લઈને વેસ્ટર્ન, શિલ્પા શેટ્ટી દરેક સ્ટાઈલમાં હંગામો મચાવતી જોવા મળે છે. શિલ્પા શેટ્ટીની આ તસવીરોને તેના લાખો ફેન્સ દિલ ખોલીને લાઈક અને કોમેન્ટ કરતા જોવા મળે છે. સાડ લુકની વાત કરીએ તો શિલ્પા શેટ્ટીનો તેમાં કોઈ જવાબ નથી. શિલ્પા શેટ્ટી ટૂંક સમયમાં રોહિત શેટ્ટીની વેબ સિરીઝ 'ઈન્ડિયન પોલીસ ફોર્સ'માં એક્શન અવતારમાં જોવા મળશે.





### ઝાલોદ તાલુકાના ગરાડુ ગામમાં

# વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ પ્રખંડ દ્વારા નવરાત્રીના સાતમા દિવસે શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો

## હરીશ કલાલ ગ્રાઉંડમાં મોટાં પ્રમાણમાં ખેલૈયાઓ ગરબે ઘૂમ્યા

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૨ ।

ઝાલોદ તાલુકાનું ગરાડુ ગામ આદિવાસી વિસ્તાર છે. આ ગામના ભોળા આદિવાસી સમાજના લોકોને કેટલાક અસામાજિક પ્રવૃત્તિ ધરાવનાર લોકો દ્વારા ભ્રમિત કરી હિન્દુ ધર્મ માંથી અન્ય ધર્મમાં કન્વર્ટ કરવામાં આવેલ છે તેવા સમાચારો કેટલીય વાર જોવા મળેલ છે. હવે ગરાડું નગરના આદિવાસી સમાજ ધીરે ધીરે ફરી જાગૃત થઈ રહેલ છે અને હિન્દુ ધર્મ છોડીને ગયેલ લોકોને સાચું માર્ગદર્શન મળતા ફરી હિન્દુ ધર્મ અપનાવી રહેલ છે. આ ગામમાં હિન્દુ જાગૃતિને લઈ અવારનવાર ધાર્મિક પ્રોગ્રામો મોટા પ્રમાણમાં યોજવામાં આવે છે જેથી અહીં વસનાર લોકોને હિન્દુ ધર્મ વિશે સાચી સમજ મળે.

ઝાલોદ તાલુકાના હરીશ કલાલ ગ્રાઉન્ડમાં મોટાં પ્રમાણમાં આદિવાસી ભાઈ બહેનો ગરબે રમવા અને ઘૂમતા નજરે પડે છે. આ સમાજને સાચી દિશા આપનાર આગેવાનો દ્વારા ધાર્મિક પ્રોગ્રામો કરી ભારતીય સંસ્કૃતિ અને પરંપરા વિશે સમજ પણ આપવામાં આવે છે. અહીં રહેનાર લોકોને સાચી સમજ અને ધર્મ વિશે સાચી સમજ આપવાં તારીખ ૨૧.૧૦.૨૦૨૩ શનિવાર સાતમા નોરતે વિશ્વ હિન્દુ પરિષદ બજરંગદળ ઝાલોદ પ્રખંડ દ્વારા ઝાલોદ તાલુકાના ગરાડું ગામમા શસ્ત્ર પૂજન



કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ મોટી સંખ્યામા ગામના લોકો વડીલો, માતા, બહેનો જોડાયા હતા. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શસ્ત્ર પૂજન કેમ કરવું તથા શસ્ત્રનો ઉપયોગ ક્યારે કરવો જોઈએ તથા આજે આપડી આસપાસ પણ રાક્ષસી વૃત્તિ છે તેમજ ગ્રામીણ વિસ્તારમાં ભલા ભોળા આપડા લોકોને જે લોભ લાલચ અને અંધ શ્રધ્ધામાં ફસાવી ધર્માંતરણ કરાવવામાં આવે છે તો પોતાની સનાતન સંસ્કૃતિ થી અલગના થવું જોઈએ બધા લોકો સાથે મળી ઉત્સવો તહેવારો ઉજવીએ એવું જણાવવામાં આવ્યું હતું જેમાં વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓ મનિષ પંચાલ, પ્રવિણ કલાલ, લોકેશ દવે, બળવંત ખોડ, નીતિન પ્રજાપતિ, નિર્મલ દરજી, જીજ્ઞેશ કલાલ તેમજ ગામમાં ગરબાનું આયોજન કરનાર હરીશ કલાલ હાજર રહ્યા હતા.

# લીલવાઠાકોર ગામે ખાંગુડા પરિવાર દ્વારા મો ચંડી ચામુડા માતાજી મંદિરે અષ્ટમી હવન પુજા અર્ચના કરવામા આવી



। ઝાલોદ, તા.૨૨ ।

લીલવાઠાકોર ગામે ખાંગુડા પરિવાર દ્વારા મોં ચંડી ચામુડા માતાજી મંદિરે અષ્ટમી હવન પુજા અર્ચના કરવામા આવી.

આજરોજ તારીખ ૨૨/૧૦ ૨૦૨૩ રવિવારના ઝાલોદ તાલુકાના લીલવાઠાકોર ગામે રોહીદાસ ખાંગુડા પરિવાર લીલવાઠાકોર દ્વારા માઁ ચંડી ચામુડા માતાજી મંદિરે અષ્ટમી હવન પુજા અર્ચના કરવામા આવી. જેમા ખાંગુડા પરિવારો દ્વારા મેન વહન કુંડ પર ચંદ્રિકા મોહનસિંહ, ખાંગુડા મોહન મગન, ખાંગુડા મોસમ મુકેશ, ખાંગુડા પિન્ટુ રામચંદ એમ ચાર જોડાઓ એ માતાજીનું હવન પુજા કરવામા આવી અને લીલવાઠાકોરના ખાંગુડા સમાજ આગેવાનોમા ખાંગુડા વાલચંદ, ખાંગુડા નારણ, પરસોતમ, ખાંગુડા માંગુ, ખાંગુડા દેવચંદ, ખાંગુડા અંબુ, ખાંગુડા કનુ, ખાંગુડા બાબુ ધુળા,દિનેશ, તેમજ લીલવાઠાકોર ગ્રામ પંચાયતના ઉપસરપંચ અને સમાજ અગ્રણી મુકેશ અંબુ ખાંગુડા, કિરીટ ખાંગુડા, કિશોર ખાંગુડા, સુરેશ ખાંગુડા, ધર્મેન્દ્ર શાંતીલાલ, તેમજ સમાજના ભાઈઓ અને બહેનો તેમજ ગ્રામજનો ઉપસ્થિત માતાજી નો જયઘોષ કરી માતાજીનો હવન પુજા ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી.

# સાઉથ આફ્રિકાના ભારતીય મુસ્લિમ ભાઈઓ પૂર પીડિતોની વ્હારે આવ્યા

## ભાલોદ મોટી ભગોળ પૂરમા પડી ગયેલ મકાનો બનાવવાનો તમામ ખર્ચની જવાબદારી સંભાળી

। મલેક યસદાની ભરૂચ, તા.૨૨ ।

નર્મદા નદીમાં આવેલ વિનાશક પુરે ભરૂચ તેમ જ નર્મદાજિલ્લામાં ભારે તારાજી સર્જી છે આ વિનાશક પુરમા ભરૂચ તેમજ નર્મદા જિલ્લાના નદી કાંઠાના ગામોમાં ભારે નુકશાન થયું છે આ પુરમા ભાલોદ મોટી ભાગોળ ગામે પુરના પાણીમા બે મકાનો પડી જતા પરીવાર જનો મુશ્કેલીમા મુકાયા હતા ત્યારે મુળ ભારતીય મુળના સાઉથ આફ્રિકામા રહેતા સોયેબ ભાઈ પટેલ, મહંમદ ભાઈ કડુજી અને ઈકરામ ભાઈ નુનીયા પીડીત પરીવારોની વ્હારે આવી પૂરના પાણીમા નાશ પામેલ મકાનો બનાવી આપવાનુ નક્કી કર્યુ હતુ.

જે અંતર્ગત ઝીયાઉદદીન કાઝી,ઈબ્રાહીમ કાઝી આંકોદ,ફારૂકભાઈ અદાત,મોઈન કાઝી,



સ્થાનિક પત્રકાર મલેક યસદાની,સલીમભાઈ શેખ વગેરેનાઓએ પીડીત પરીવારોની મુલાકાત લઈ થયેલ નુકશાનની સંપૂર્ણ વિગત સાઉથ આફ્રિકામા રેહાતા મુસ્લિમ ભાઈઓને આપતા તેઓ પીડીત પરીવારોને મદદરૂપ થવા આગળ આવી તેઓએ આ મકાનો બનાવવાનુ સંપૂર્ણ ખર્ચ ઉપાડી મકાનો બનાવવાની કામગીરી શરૂ કરાવી હતી.

### જેલમાં એકતા અને ભક્તિમય વાતાવરણ ઉભું થયું

# નવરાત્રી પર્વ રાજપીપળા જિલ્લા જેલમાં ૧૫૦થી વધુ કેદીબંધુઓએ ગરબા રમ્યા

## જેમાં હિન્દુ મુસ્લિમ તથા અન્ય કોમના કેદી બંધુઓ જેલમાં સમૂહમાં મન મૂકીને ગરબે રમતા જેલમાં ભક્તિમય વાતાવરણ ઉભું થયું

। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૨ ।

હાલ નવરાત્રી પર્વ ચાલી રહ્યું છે ત્યારે સૌ કોઈ ખેલૈયાઓ ગરબાની રમઝટ બોલાવી રહ્યાં છે. ત્યારે બીજી તરફ રાજપીપલા નજીક જીતનગર ખાતે આવેલ જિલ્લા જેલમાં ૧૫૦થી કેદી બંધુઓ જેલમાં સજા ભોગવી રહ્યાં છે. ત્યારે આ કેદી બંધુઓ નવરાત્રિ પર્વમાં ગરબા રમવા જેલની બહાર ન જઈ શકે તેમ હોવાથી જેલ સુપ્રીટેન્ડન્ટના માર્ગદર્શન હેઠળ જેલમાં ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો.

ગરબા રમતા આ ખેલૈયાઓને જોઈને કોઈને ખ્યાલ પણ ન આવે કે આ લોકો જેલની સજા ભોગવતાં કેદીઓ છે. કેદીઓ ના પહેરવેશમાંથી મુક્તિ આપી સૌ કોમી એખલાસના વાતાવરણમાં ગરબા રમવા કેદીઓ મોટી સંખ્યામાં જોડાયા હતાં. અને મન મૂકીને ગરબે રમ્યા હતાં.



જેમાં હિન્દુ મુસ્લિમ તથા અન્ય કોમના કેદી બંધુઓ જેલમાં સમૂહમાં મન મૂકીને ગરબે રમતા જેલમાં ભક્તિમય વાતાવરણ ઉભું થયું છે જેનાથી કેદીઓ સકારાત્મક ઉર્જા ઉભી થતી હોવાનું જેલ સુપ્રીટેન્ડન્ટ આર બી મકવાણાએ જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે

માતાજીની આરાધના સાથે કેદીઓમાંમાતાજી પ્રત્યે ભક્તિભાવ જાગે અને નવી હકારાત્મક ઉર્જા મળે અને ગુનાહિત પ્રવૃત્તિઓથી દૂર રહે એવા આશયથી જેલમાં ગરબામહોત્સવ ઉજવાયો હતો.

# ઝાલોદ નગરમાં ખોડિયાર માતા મંદિરે નવરાત્રીની અષ્ટમી નિમિત્તે હોમહવનું આયોજન કરવામાં આવ્યું

। ઝાલોદ, તા.૨૨ ।

નવરાત્રિના નવ દિવસ માતાની આરાધના રૂપી ભક્તિના દિવસો તરીકે પૂજાય છે. નવરાત્રીના નવે નવ દિવસ સ્ત્રીના રૂપમાં સહુ અલગ અલગ દેવીના રૂપની પૂજા કરતા હોય છે. જોવા જઈએ તો નવરાત્રીનો ઉત્સવ નારીનું સન્માન કરતા દેવી સ્વરૂપ તરીકે ઓળખાય છે. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને દેવી તરીકે પૂજવામાં આવે છે. નવરાત્રીના નવ દિવસ સનાતન સંસ્કૃતિના વારસાનું પ્રતિક છે.

નવરાત્રીની અષ્ટમીના દિવસે માઁ ગૌરીની પૂજા કરવામાં આવે છે. તેમજ આજના દિવસે નાની બાળાઓ ને જમાડી તેમની પૂજા કરવામાં આવે છે. આજના દિવસે વિવિધ મંદિરોમાં નવરાત્રી નિમિતે હવન પૂજા કરવામાં આવતી હોય છે. આજે



અષ્ટમી નિમિતે ખોડિયાર માતાના મંદિરે વિવિધ ધાર્મિક પ્રોગ્રામોનુ આયોજન કરવામાં આવ્યું હતું તેમાં વિશેષમાં હોમહવન પણ રાખવામાં આવેલ હતું. તેમજ સાંજે મહાઆરતી પણ કરવામાં આવી હતી. ખોડિયાર માતાના મંદિરે હવન પૂજાનો લાભ તેમજ માતાજીના મંદિરે દર્શન કરવા મોટા પ્રમાણમાં ભક્તો ઉમટી પડેલ હતા.

# ચમારિયા અંબે માતાજીના મંદિરે હવન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



। જસદણ, તા.૨૨ ।

સંજેલી તાલુકામાં ચમારિયા ગામમાં જગત જનની મા અંબા માતાજીનું મંદિર આવેલ છે જ્યાં દર વર્ષની જેમ ગરબા નવરાત્રિનું આયોજન કરવામાં આવે છે.. આઠમના રોજ અંબે માતાજીના પટાંગણમાં હવન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગામના આગેવાનો, વડીલો, યુવા મિત્રો ગામના મિત્રો ઉપસ્થિત રહ્યા હતાં. હવન કાર્યક્રમમાં ગામના મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતાં.

# શીંગવડ ખાતે તાલુકા કક્ષાનો મિલેટ મહોત્સવ સાંસદ શ્રી જશવંતસિહ ભાભોરના અધ્યક્ષ સ્થાને યોજાયો

। દાહોદ, તા.૨૨ ।

આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષની ઉજવણીને અનુલક્ષીને રાજ્યભરમાં તાલુકાકક્ષાના મિલેટ્સ મેળાઓ યોજાઈ રહ્યા છે, જેના ભાગરૂપે.સાંસદ શ્રી જશવંતસિહ ભાભોરના અધ્યક્ષસ્થાને દાહોદના સીંગવડ ખાતે તાલુકા કક્ષાનો મિલેટ્સ મહોત્સવ યોજાયો હતો. તાલુકા પંચાયત સીંગવડ ખાતે આયોજીત સમારોહ પ્રસંગે સાંસદ શ્રી જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ-૨૦૨૩ને સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય મિલેટસ્ વર્ષ તરીકે ઉજવી રહ્યું છે. આપણા ધાન્યોમાં ઉચ્ચ પોષણ ક્ષમતા છે. તેમાં ઉચ્ચ માત્રામાં પ્રોટીન, એન્ટી ઓક્સીડન્ટ, વિટામીન, ફાઈબર તેમજ ખનિજ તત્વોનો ભંડાર હોવાથી એવા પોષક ધાન્યોને 'શ્રીઅન્ન'ની ઉપમા આપવામાં આવી છે. આપણી તંદુરસ્તી અને જમીનની ફળદ્રુપતા વધારવા માટે પ્રાકૃતિક ખેતી શ્રેષ્ઠ વિકલ્પ હોવાનું જણાવી પ્રાકૃતિક ખેતી અપનાવવાનો અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી પી.આર દવે એ સ્વાગત પ્રવચન કરીને મિલેટ્સ પાકોનું વાવેતર વધારવા અને



મોટા અનાજનો દૈનિક આહારમાં ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક શ્રી ડૉ. એચ.એલ.કાચાએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ જયારે આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે બાજરી, જુવાર, રાગી, બન્ટી-બાવટો, કોદરા, સામો જેવા આઠ પાકોનો મિલેટ્સમાં સમાવેશ થાય છે. આ મિલેટ્સ ધાન્ય પાકો પોષકતત્વોથી ભરપુર અને તંદુરસ્તીનો ખજાનો છે. જુવારની ખોરાક માટેની ૧૩ જાતો તથા ઘાસચારાની પાંચ જાતો છે, તેની ખેતી કરવા જણાવ્યું હતું નાયબ પશુપાલન નિયામકશ્રી ડૉ. કે.એલ.ગોસાઈએ પશુપાલનના મહત્વ વિષે ખેડૂતોને માહિતગાર કર્યા હતા.

# દાહોદ જિલ્લામાં જનભાગીદારી દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાન હાથ ધરાયુ



। દાહોદ, તા.૨૨ ।

પૂજ્ય મહાત્મા ગાંધીજીના 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' ના મંત્રને ચરિતાર્થ કરી, 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૩' ઝુંબેશમાં સક્રિય સહયોગ આપવાની સાથે સ્વચ્છ-સ્વસ્થ અને નિર્મળ ગુજરાતના નિર્માણ માટે સંકલ્પ બદ્ધ છે.

ગુજરાતના સ્વચ્છતાગ્રહી લોકોના પ્રયાસો થકી સ્વચ્છતા અભિયાન જન આંદોલનનું સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. લોકો તેને રોજીંદા રૂટિનમાં વણી લઈને કામ કરી રહ્યા છે. આ અભિયાનના ભાગરૂપે દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના લોકો જાગૃત અને જવાબદાર નાગરિકની તેમની ફરજ અદા કરી, ધાર્મિક-જાહેર સ્થળોએ સફાઈ અભિયાન હાથ ધરી સ્વચ્છતાની ચેતના જગાવી છે તેમજ "સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાત"ના મંત્ર સાથે "સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત"ના નિર્માણમા સહભાગી બની કદમ સે કદમ મિલાવી કામ કરી રહ્યા છે.

# પ્રધાનમંત્રી ટીબીમુક્ત ભારત અભિયાન હેઠળ ટીબીના ૧૦૦ દર્દીઓને સેવાભાવી સંસ્થા દ્વારા પોષણ આહાર કીટનું વિતરણ



। વડોદરા, તા.૨૨ ।

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૫ સુધીમા ટીબી નિર્મુલનનો નિર્ધાર રાખવામાં આવ્યો છે. તે અંતર્ગત સપ્ટેમ્બર ૨૦૨૨માં પ્રધાનમંત્રી ટીબીમુક્ત ભારત અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાનમાં ટીબીનાં દર્દીઓને સહયોગ આપવા વિવિધ એન.જી.ઓ, સામાજિક સંસ્થાઓ, કોપોરેટસ, ઉધોગો આગળ આવે તેવા પ્રયત્નો થઈ રહ્યા છે જેથી સામુહીક પ્રયત્નો થકી સમાજમાંથી ટીબી રોગનું પ્રમાણ ઘટાડી શકાય

આ કાર્યક્રમના ભાગરૂપે રોટરી કલબ વડોદરા દ્વારા છેલ્લા એક વર્ષથી સતત દર મહિને કુલ ૧૦૦ ટીબીના દર્દીઓને દતક લઈ પોષણ યુક્ત આહારની કીટ આપવામાં આવી રહી છે. વડોદરા શહેરનાં કુલ ૧૦૦ ટીબીનાં દર્દીઓને રોટરી કલબ ઓફ કારેલીબાગ સેન્ટર ખાતે પોષણ યુક્ત આહાર કીટ આપવામાં આવી હતી. ટીબી રોગની સારવાર ૬ મહિના જેટલો લાંબો સમય લેવાની હોય છે. દર્દીઓને ૬ મહીના સુધી દર મહિને પોષણ યુક્ત આહાર કીટ આપવાનું ઉમદા કાર્ય રોટરી કલબ વડોદરા દ્વારા કરવામાં આવી રહ્યું છે. ટીબીનાં દર્દીઓને પોષણક્ષમ આહાર મળે તો દર્દીઓને રોગ પ્રતિકારક શક્તિ સારી થાય તથા ટીબીના દર્દીઓને સાજા થવાના દરમાં વધારો થાય તે ઉમદા હેતુથી પ્રધાનામંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ કામગીરી કરવામાં આવી રહી છે. આજે યોજાયેલ કાર્યક્રમમાં વડોદરા મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ તરફથી રોટરી કલબ વડોદરાને ટીબી મુક્ત ભારત અભિયાનમાં તેઓનો સહયોગ આપવા બદલ પ્રશસ્તિ પત્ર આપવામાં આવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દ્રઢતા બક્ષશે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? તમારા મગજને સમસ્યાઓથી દૂર રાખો અને ઘરમાં તથા તમારા મિત્રો વચ્ચે તમારી સ્થિતિ સુધારવા પર ધ્યાન આપો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. પારિવારિક પ્રસંગમાં નવા મિત્રો બનશે. પણ તમારી પસંદગીમાં સાવચેત રહેજો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દ્દષ્ટિકોણને વ્યાપક બનાવશે- તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે જૂના મિત્ર સાથે પુર્નમિલન તમારા ઉત્સાહમાં ખાસ્સો એવો વધારો કરશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારા આશ્ચર્ય વચ્ચે તમારો ભાઈ તમારી મદદ આવશે. તમારે સહકાર આપી એકબીજાના સહયોગમાં કામ કરી એકમેકને ખુશ કરવાના રહેશે. યાદ રાખો સહકાર જીવનની મુખ્ય વસંત છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. જો તમને લાગે છે કે તમારો પ્રિયતમ તમારી વાત સમજી શકતો નથી, તો આજે તેમની સાથે સમય પસાર કરો અને સ્પષ્ટપણે તમારી વસ્તુઓ તેમની સામે મુકો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. સાંજના સમયે સામાજિક પ્રવૃત્તિઓ તમારી ધારા કરતાં અનેકગણી સારી સાબિત થશે. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. સંબંધીઓ સાથે વિતાવેલો સમય તમારા લાભમાં રહેશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે. તમારા પ્રિયપાત્રના સાથ વગર તમને ખાલી-ખાલી લાગશે. આજે તમે નવા વિચારોથી તરબતર હશો તથા પ્રવૃત્તિની તમારી પસંદગી તમારી અપેક્ષા કરતાં અનેક ગણો વધારે લાભ અપાવશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. આજે તમે જો થોડો પ્રેમ વહેંચશો તો, તમારૂં પ્રિયપાત્ર તમારી માટે દેવદૂત બની જશે.

**ન્યૂઝ બ્રિફ**

## જૈશના ચીફના નજદીકના સાથી દાઉદ મલિકની પાકિસ્તાનમાં હત્યા

। નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓનો પાકિસ્તાનમાં યમ સદન પહોંચવાનો સિલસિલો ચાલુ જ છે. હવે દાઉદ મલિક નામના આતંકીની પણ હત્યા થઈ હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે. દાઉદ વૈશ્વિક આતંકી સંગઠન જૈશ એ મહોમ્મદના ચીફ મસૂદ અઝહરનો નિકટનો સાથીદાર ગણાય છે. આ સિવાય તે લશ્કર એ જબ્બર અને લશ્કર એ જાંગવી સંગઠન સાથે પણ જોડાયેલો હતો. આ પહેલા પઠાણકોટ હુમલાના માસ્ટર માઈન્ડ શાહિદ લતીફની તાજેતરમાં જ હત્યા થઈ હતી અને તેમાં પાકિસ્તાન પોલીસે બહારની જાસૂસી એજન્સીનો હાથ હોવાનો બળાપો પણ કાઢ્યો હતો. હવે વધુ એક આતંકવાદીને ઢાળી દેવામાં આવ્યો છે. દાઉદ મલિકની પાકિસ્તાનના ઉત્તર વજીરીસ્તાનમાં અજાણ્યા લોકોએ ગોળી મારીને હત્યા કરી છે.

## BIMSTECના નવા મહાસચિવ તરીકે ઈન્દ્રમણિ પાંડેની નિમણૂક



। નવી દિલ્હી, તા.૨૨ ।

બે ઓફ બંગાળ ઈનિશિએટિવ ફોર મલ્ટી સેક્ટરલ ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન (બીઆઈએમએસટીઈસી)ના નવા મહાસચિવની આજે નિયુક્તિ કરવામાં આવી છે. જેમાં પહેલી વખત કોઈ ભારતીયના ખભા પર જવાબદારી સોંપવામાં આવી છે. ઈન્દ્રમણિ પાંડેની બીઆઈએમએસટીઈસીના મહાસચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમણે ખુશી વ્યક્ત કરતા આ સમાચાર શેર કરતા કહ્યું કે, બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડનો સમાવેશ કરતી બંગાળની ખાડીની મુખ્ય પ્રાદેશિક સંસ્થા બીઆઈએમએસટીઈસીના મહાસચિવ તરીકે મારી નિમણૂકએ મારા માટે ખૂબ જ આનંદની વાત છે. બીઆઈએમએસટીઈસીનું મુખ્યાલય ઢાકામાં છે. જેમાં બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઈલેન્ડ જેવા દેશોનો સમાવેશ થાય છે. નવી જવાબદારી મળવા પર, ઈદ્રમણિ પાંડેએ બીઆઈએમએસટીઈસીના મહાસચિવની પ્રતિષ્ઠિત અને પડકારજનક જવાબદારી સોંપવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રી એસ જયશંકરનો આભાર વ્યક્ત કર્યો છે.

### રાજસ્થાનની વિધાનસભા ચૂંટણીને લઈને માહોલ ગરમાયો

# રાજસ્થાન કોંગ્રેસે ૩૩ ઉમેદવારની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી

### સીએમ અશોક ગેહલોતને સરદારપુરાથી અને સચિન પાયલટને ટોંક વિધાનસભા સીટથી ટિકિટ આપવામાં આવી

। જયપુર, તા.૨૨ ।

રાજસ્થાન વિધાનસભા ચૂંટણી સંબંધિત મોટા સમાચાર સામે આવી રહ્યા છે. આવતા મહિને જે પાંચ રાજ્યોમાં ચૂંટણી યોજવાની છે તેમાં એક રાજસ્થાન રાજ્ય પણ છે જ્યાં ૨૫ નવેમ્બરે મતદાન થવાનું છે. એવામાં કોંગ્રેસે ૩૩ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. આ યાદીમાં મુખ્યમંત્રી અશોક ગેહલોત અને સચિન પાયલટના નામ પણ સામેલ છે. સીએમ અશોક ગેહલોતને સરદારપુરાથી અને સચિન પાયલટને ટોંક વિધાનસભા સીટથી ટિકિટ આપવામાં આવી છે. આ સિવાય ગોવિંદ સિંહ દોતાસરા લછમનગઢથી અને મુકેશ ભાકર લડનુનથી ચૂંટણી લડશે.

કોંગ્રેસે પોતાની પ્રથમ યાદીમાં પાંચ મંત્રીઓને સ્થાન આપ્યું છે, જ્યારે બે ધારાસભ્યોની ટિકિટ રદ કરી છે. ચિત્તોડથી ચંદ્રભાન સિંહ અને સાંગાનેરથી અશોક લાહૌતીની ટિકિટ રદ કરવામાં આવી છે. આ સિવાય સંતોષ અહલાવતને સૂરજગઢથી ટિકિટ આપવામાં આવી છે. ૨૦૦ વિધાનસભા સીટ માટે કોંગ્રેસે પહેલી યાદીમાં માત્ર ૩૩ ઉમેદવારો જ જાહેર કર્યા છે. આ નામોમાં ૩૨ નામ તો ગયા વખતના જ રિપીટ કરવામાં આવ્યા છે. કોંગ્રેસની પ્રથમ યાદીમાં સચિન પાયલટ જૂથના ચાર નેતાઓને ટિકિટ મળી છે. જેમાં વિરાટનગરથી ઈન્દ્રસિંહ ગુર્જર, લાડનુન સીટથી મુકેશ ભાકર, પરબતસર સીટથી



રામનિવાસ ગાવડીયા અને નોહર સીટથી અમિત ચચાનને ટિકિટ મળી છે. ભાજપે પણ આજે ૮૩ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી. જેમાં પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેને પણ ટિકિટ અપાય છે. તેમાં ઝાલરાપાટનથી વસુંધરાને ટિકિટ આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ મામલે છેલ્લાં ઘણાં સમયથી ચર્ચા ચાલી રહી હતી કે વસુંધરા રાજેથી ભાજપ નારાજ છે. તેમની અનેક મામલે અવગણના થવા લાગી હતી. જોકે હવે આ તમામ ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂકાયો છે.

### અમેરિકામાં વિદેશી કામદારોના નિયમોમાં ફેરફાર કરાશે

# એચ૧બી વિઝા હેઠળ એક વ્યક્તિ માત્ર એક જ નોમિનેશન કરી શકશે

### સૂચિત ફેરફારોનો હેતુ યોગ્યતાની જરૂરિયાતોને સુવ્યવસ્થિત કરવા, નોકરીદાતાઓ અને કર્મચારીઓને વધુ લાભો પ્રદાન કરવાનો છે

। વોશિંગ્ટન, તા.૨૨ ।

અમેરિકાની બાયડેન ગર્વમેન્ટે યુએસએમાં કામ કરવા માટે વિદેશી કામદારોને આપવામાં આવતા એચ૧બી વિઝા પ્રોગ્રામમાં ફેરફાર કરવા જઈ રહી છે. આ ફેરફારો વિદેશી કર્મચારીઓની ક્ષમતામાં સુધારો કરવા તેમજ વિદેશી વિદ્યાર્થીઓ ને વધુ સરળ તેમજ નોન-ઈમિગ્રન્ટ કર્ચમારીઓને વધુ સારુ કામ કરવાની પરિસ્થિતિઓ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવ્યા છે. આ નવા ફેરફારો આગામી ૨૩મી ઓક્ટોબરના રોજ 'યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ' (યુએસસીઆઈએસ) દ્વારા 'ફેડરલ રજિસ્ટર'માં પ્રકાશિત કરવામાં આવશે. મીડિયા રિપોટ્‌સ મુજબ હાલ એચ૧બી વિઝાની નિશ્ચિત સંખ્યા ૬૦ હજારની મર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવી રહ્યો નથી, ડિપાર્ટમેન્ટ ઑફ હોમલેન્ડ સિક્યુરિટીએ જણાવ્યું હતું કે સૂચિત ફેરફારોનો હેતુ યોગ્યતાની જરૂરિયાતોને સુવ્યવસ્થિત કરવા, પ્રોગ્રામની કાર્યક્ષમતામાં સુધારો કરવા, નોકરીદાતાઓ અને કર્મચારીઓને વધુ લાભો અને સુગમતા પ્રદાન કરવાને મજબૂત કરવા માટે કરવામાં આવી રહ્યા છે.

આ એચ૧બી વિઝા પ્રોગ્રામની મદદથી અમેરિકન નોકરીદાતાઓ અમેરિકન કર્મચારીઓની સુરક્ષાના ધોરણોનું પાલન કરીને, તેમની વ્યવસાયિક જરૂરિયાતોને પહોંચી વળવા અને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક રહેવા માટે વિદેશી કુશળ કર્મચારીઓને રાખી શકે છે. યુએસ હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરીએ જણાવ્યું કે, જો બાઈડેન-કમલા હેરિસ વહીવટીતંત્રની પ્રાથમિકતા વૈશ્વિક પ્રતિભાને આકર્ષવાની, વર્તમાન કર્મચારીઓ પરના બોજને ઘટાડવા અને ઈમિગ્રેશન સિસ્ટમમાં છેતરપિંડી અટકાવવાની છે. હાલની સ્થિતિ અનુસાર એક ઉમેદવાર બહુવિધ નોમિનેશન કરી શકે છે, આવી સ્થિતિમાં તેની પસંદગી થવાની શક્યતા વધી જાય છે. હવે નવા પ્રસ્તાવ હેઠળ એક વ્યક્તિ માત્ર એક જ નોમિનેશન કરી શકશે, આવી સ્થિતિમાં વધુ લોકોને તક મળશે. આ ઉપરાંત સ્ટુડન્ટ વિઝા પર અમેરિકા જતા વિદ્યાર્થીઓ માટે એચ૧બી વિઝા માટેની પાત્રતા પણ સરળ બનાવવામાં આવી છે.

### સરહદ પર ભારત અને ચીન વચ્ચે સબંધો સુધર્યા નથી

# ચીને એલએસી પર સૈન્ય બળ વધાર્યું, હેલિપેડ પણ બનાવ્યા

### ચીન પરમાણુ હથિયારની સંખ્યા વધારવા અને લાંબા અંતરની બેલેસ્ટિક મિસાઈલનો ખજાનો કરવાની યોજના પર કામ કરી રહ્યું છે



। નવી દિલ્હી, તા.૨૨ ।

સૈન્ય કમાન્ડરો વચ્ચે ઘણી વાટાઘાટો છતાં લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) પર ભારત અને ચીન વચ્ચેના સંબંધો સુધર્યા નથી. આ દરમિયાન અમેરિકાના સંરક્ષણ વિભાગ પેન્ટાગોને એક મોટો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું છે કે આજે પણ ચીને મોટા પાયે પોતાના સૈનિકો એલએસી પર તૈનાત કર્યા છે. તેમજ ચીન એલએસી પર આજે પણ અન્ડરગ્રાઉન્ડ સ્ટોર્સ, રસ્તાઓ, એરફિલ્ડ્‌સ અને હેલિપેડ બનાવી રહ્યું છે. પેન્ટાગોને એમ પણ કહ્યું છે કે ચીન પાસે આજે ૫૦૦ થી વધુ પરમાણુ હથિયારો છે. ચીન ૨૦૩૦ સુધી પરમાણુ હથિયારની સંખ્યા ૧૦૦૦થી વધુ અને લાંબા અંતરની બેલેસ્ટિક મિસાઈલનો ખજાનો કરવાની યોજના પર કામ કરી રહ્યું છે. અમેરિકા પાસે ૩૭૫૦ એક્ટીવ પરમાણુ હથિયાર છે. તેમજ રશિયા પાસે ૫૮૮૯ છે. જયારે આ બાબતમાં ભારત અને પાકિસ્તાન ઘણા પાછળ છે. જેમાં ભારત પાસે ૧૬૪ અને પાકિસ્તાન પાસે ૧૭૦ હથિયાર છે. પેન્ટાગોને કહ્યું કે ચીન પરંપરાગત જમીન, હવા અને સમુદ્ર તેમજ પરમાણુ, અવકાશ, કાઉન્ટર-સ્પેસ, ઈ-વોરફેર અને સાયબર સ્પેસ સહિત યુદ્ધના તમામ ક્ષેત્રોમાં તેની ક્ષમતાને સતત વધારી રહ્યું છે. આમ કરીને તે પોતાની સેનાને આધુનિક બનાવી રહ્યું છે. પેન્ટાગોનનો અહેવાલ જણાવે છે કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે ૨૦૪૯ સુધીમાં ચીનની મીલીટરીને વર્લ્ડ ક્લાસ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.

ભારત-ચીન બોર્ડર બાબતે પેન્ટાગોને તેના રિપોર્ટમાં કહ્યું છે કે ૩,૪૮૮ કિલોમીટર લાંબા એલએસી પર ચીનના વેસ્ટર્ન થિયેટર કમાન્ડની તૈનાતી ૨૦૨૩ સુધી ચાલુ રહેશે. ૯-૧૦ ઓક્ટોબરના રોજ કોર્પ્સ કમાન્ડર-લેવલની મંત્રણાના ૨૦મા રાઉન્ડ પછી, ડેપસાંગ (ડેમચોક ખાતેનું ક્ષેત્ર અને ચેરિંગ નિંગલુંગ નાલા ટ્રેક જંક્શન)માં મુખ્ય બે સંઘર્ષ થતા સ્થળને શાંત કરવામાં કોઈ સફળતા મળી નથી.

### ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલો તણાવ જારી

# કેનેડાના રાજદ્વારીઓના ભારત છોડવા પર યુએસ દ્વારા ચિંતા વ્યક્ત કરાઈ

### યુએસએ ભારત સરકારને વિનંતી કરી છે કે કેનેડાની રાજદ્વારી હાજરીના અભાવ પર ભાર ન મૂકે અને કેનેડિયન તપાસમાં સહકાર આપે

। વોશિંગ્ટન, તા.૨૨ ।

ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલો તણાવ ઓછો થયો નથી, ભારતના કડક વલણ બાદ કેનેડાએ તેના ૪૧ રાજદ્વારીઓને પાછા બોલાવી લીધા છે ત્યારે હવે અમેરિકાએ કેનેડિયન રાજદ્વારીઓના ભારત છોડવા પર ચિંતા વ્યક્ત કરતા પ્રતિક્રિયા આપી હતી. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારત રાજદ્વારી સંબંધો પર ૧૯૬૧ના વિયેના કન્વેન્શન હેઠળ તેની જવાબદારીઓનું પાલન કરે. વિદેશ વિભાગના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું હતું કે અમે કેનેડિયન રાજદ્વારીઓના ભારત છોડવાથી ચિંતિંત છીએ. આ ઉપરાંત વધુમાં કહ્યું હતું કે મતભેદોને ઉકેલવા માટે દેશમાં રાજદ્વારીઓની હાજરી જરુરી છે. આ સાથે ભારત સરકારને વિનંતી કરી છે કે કેનેડાની રાજદ્વારી હાજરીના અભાવ પર ભાર ન મૂકે અને કેનેડિયન તપાસમાં સહકાર આપે. ખરેખર કેનેડાના વિદેશમંત્રીની વળતી કાર્યવાહીનો અર્થ ભારતીય રાજદ્વારીઓને દેશ છોડવાનો આદેશ આપવાનો છે. વિદેશ મંત્રી જોલીએ કહ્યું કે ભારતે રાજદ્વારીઓને ગઈકાલ સુધીમાં દેશ છોડી દેવાનો આદેશ આપ્યો હતો. તેમને કહેવામાં આવ્યું હતું કે જો તે આમ નહીં કરે તો તેમનો રાજદ્વારી દરજ્જો રદ કરી દેવામાં આવશે.

**વિશેષ**

### ડો. બાબા સાહેબની સંકલ્પભૂમિ એવા વડોદરામાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો પ્રાદેશિક સહાય મેળો સંપન્ન

# વડોદરામાં મધ્ય અને દક્ષિણ ગુજરાતના ૫.૮૭ લાખ દલિતો, વંચિતોને એક દિવસમાં રૂ. ૩૪૭ કરોડની સહાય

### ભારતની નારીશક્તિને આત્મસન્માન અને આત્મગૌરવ અપાવવાનું કામ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું : મંત્રી ભાનુબેન બાબરિયા

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વિવિધ યોજનાના લાભો તથા સહાય આપવા શરૂ કરાયેલી નૂતન પરંપરા એવા પ્રાદેશિક કક્ષાના સહાય મેળાની અંતિમ શ્રેણીમાં ડો. બાબા સાહેબની સંકલ્પ ભૂમિ એવા વડોદરા ખાતે ૧૨ જિલ્લાનો કાર્યક્રમ યોજીને ૫.૮૭ લાભાર્થીઓને રૂ. ૩૪૭ કરોડની સહાય એક સાથે આપવામાં આવી છે. કાર્યક્રમમાં ઉપ સ્થિત મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાએ જણાવ્યું કે, સમગ્ર ભારતની નારીશક્તિને આત્મસન્માન અને આત્મગૌરવ અપાવવાનું કામ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે.

શ્રીમતી બાબરિયાએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં લોકસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામતનો કાયદો લાવી મહિલાઓને નેતૃત્વમાં સમાન તક આપવાનું ભગિરથ કાર્ય કર્યું છે. તેમની નારી ગૌરવ નીતિના કારણે ગુજરાતમાં મહિલા કલ્યાણલક્ષી અનેકવિધ યોજનાઓ આજે ગુજરાતમાં છે અને તેના કારણે અનેક પરિવારોને લાભ થયો છે. તેમણે એમ પણ ઉમેર્યું કે, રાજ્ય સરકાર દ્વારા છેવાડાના માનવી સુધી યોજનાકીય લાભો પહોંચે એ માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને આવી સહાયથી દલિતો, વંચિતોનો વિકાસ થઈ રહ્યો છે. આ મેળાથી અમે નાગરિકો ઉપર કંઈ ઉપકાર કરતા નથી, જેમના હક્કનું છે, એમને આપીએ છીએ. ભગવાને અમને આ સહાયલાભો આપવા માટે નિમિત્ત માત્ર બનાવ્યા છે. ગુજરાતમાં આજે અનેક વંચિત પરિવારોને ઘરનું ઘર મળ્યું છે, પરિવારોના સપનાનું અને કલ્પનાનું ઘર સરકારની મદદથી મળ્યું છે, એમ કહેતા તેમણે ઉમેર્યું કે, એ સમયે કેટલાક લોકો ઘરના ખોટા સપના દેખાડીને રૂ. એકસોના ફોર્મ વહેંચતા હતા અને પૈસા ભેગા કરી લીધા હતા. તેની સામે આ સરકારે ગરીબોના સપના સાકાર કર્યા છે.

મહિલા, બાળ કલ્યાણ અને સામાજિક ન્યાય, અધિકારિતા મંત્રી શ્રીમતી બાબરિયાએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા ગરીબ કલ્યાણ મેળાની શ્રૃખંલાનો આ વખતનો તબક્કો થોડા દિવસોમાં શરૂ થશે. ગરીબ કલ્યાણ મેળા વંચિતો, શોષિતો, પીડિતોનું કલ્યાણ કરવાનો યજ્ઞ છે. ડો. બાબા સાહેબે વડોદરા ખાતે જે સંકલ્પ લીધો હતો, એને પરિપૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ગરીબોના ઘરે રોટલા જમવા જવાથી એ પરિવારનો વિકાસ થતો નથી. પરંતુ એમના ઘરે રોટલા કેમ બને એ આ કામ



કરવાથી વિકાસ થાય છે, એમ કહેતા મંત્રીશ્રીએ કહ્યું કે, ગરીબો, પીડિતોનો સર્વાંગી વિકાસ કરવાની નેમ રાજ્ય સરકાર ધરાવે છે.

મંત્રી શ્રીમતી ભાનુબેનના હસ્તે મધ્ય અને દક્ષિણ ગુજરાતના વડોદરા, ભરૂચ, નર્મદા, તાપી, સુરત, વલસાડ, ડાંગ, દાહોદ, છોટાઉદેપુર, મહીસાગર, પંચમહાલ, નવસારીના ૫.૮૭ લાખ લાભાર્થીઓને રૂ. ૩૪૭ કરોડથી વધુની લોન તેમજ સહાય વિતરણ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વિવિધ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ જિલ્લાઓના અનુજાતિ કલ્યાણ ખાતાના ૮૦૮ લાભાર્થીઓને રૂ.૧૧.૪૭ કરોડ, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના ૧૯૫૭ લાભાર્થીઓને રૂ.૨૫.૨૮ કરોડ અને સમાજ સુરક્ષા ખાતાની વિવિધ યોજનાઓના ૫.૮૪ લાખ લાભાર્થીઓ સહિત કુલ ૫.૮૭ લાખ લાભાર્થીઓને રૂ.૩૪૭ કરોડની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ અને ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા મંજૂર કરાયેલ વાહનોને લીલીઝંડી પણ આપવામાં આવી હતી.

સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર સમાજના છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો પહોચાડવા માટે પ્રતિબદ્ધ છે.સમાજના વંચિતો,પીડિતો, શોષિતોના સામાજિક,આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે બજેટમાં રૂ.૧૦,૫૫૮ કરોડની માતબર જોગવાઈ કરવા આવી છે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાતમાં ચહું દિશામાં વિકાસ થઈ રહ્યો છે,ત્યારે ગુજરાત અને દેશના વિકાસમાં નબળા અને વંચિત લોકોને કોઈપણ જાતના વચેટિયાઓ વગર તેમના હક્કના નાણાં સીધે સીધા તેમના ખાતામાં ડી.બી.ટી મારફત જમા કરવામાં આવી રહ્યા છે.આ કોઈ દયા દાન કે ઉપકાર ભાવથી નહિ પરંતુ તેમના હક્કનું રાજ્ય સરકાર તેમને આપી સરકાર હર હંમેશ વંચિતોની પડખે છે તેનો અહેસાસ કરાવી રહી છે. વિવિધ યોજનાકીય લાભોના લાભાર્થીઓ આત્મનિર્ભર બની દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

મેયર શ્રીમતી પિંકી સોનીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જિનની સરકાર નબળા વર્ગોનું જીવન ધોરણ ઊંચું આવે તે દિશામાં સતત પ્રયાસરત છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વમાં મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર સમાજના આર્થિક રીતે નબળા વર્ગોને લોન સહાય આપી તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડી રહી છે.આ કાર્યક્રમ માત્ર સરકારી સહાય આપવા પુરતો નથી,પરંતુ ગરીબોનું સાચા અર્થમાં સશકિતકરણ કરવાનું મહા અભિયાન છે. જેને પરિણામે રાજ્ય અને દેશનો વિકાસ થશે. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ મહિલા કલ્યાણકારી યોજનાઓનો વિસ્તૃત જાણકારી આપી હતી.

પ્રારંભમાં અનુસૂચિત જાતિ વિકાસ નિગમના એમ. ડી શ્રી પ્રકાશ સોલંકીએ સૌનો આવકાર કર્યો હતો. અંતમાં સંયુક્ત નિયામક શ્રી આર.કે. ખેરે આભાર વિધિ કરી હતી.




નવલી નવરાત્રીનું આઠમું નોરતું હતું. સૌ માઈ ભક્તો આસ્થાના આ પર્વના ધામધૂમથી ઉજવી રહ્યા છે. રાત્રે ખેલૈયાઓ મનભરીને ગરબે રમતા જોવા મળી છે. ક્યાંક ડીજેના તાલ સાથે તો ક્યાંક જૂની અર્વાચીન રીતે ગરબાનું આયોજન થઈ રહ્યું છે. આ દરમિયાન ગુજરાતના અનેક ગાયકો માતાના ગરબા ગાઈ રહ્યા છે.






નવરાત્રીની આઠ નિમિત્તે માનવમંદિરમાં માતાજીને સુંદર શણગાર કરવામાં આવ્યું હતું.

### આઠમ નિમિત્તે હવન અને પૂજા કરવામાં આવી હતી

# અંબાજીમાં આઠમના હવન અને ૧૦૮ પ્રદક્ષિણાના મહત્વને લઈ ભક્તોની ભીડ

## ખેડબ્રહ્મા મંદિરે સવારે ૬ કલાકે મંગળા આરતી કરવામાં આવી ભક્તો મંદિરની ૧૦૮ પ્રદક્ષિણા સવારે કરતા હોય છે

। અંબાજી, તા.૨૨ ।

રવિવારે આસો સુદ આઠમને લઈ મંદિરોમાં દર્શનનો આજે વિશેષ મહિમા હોય છે. માતાજીના મંદિરે દર્શન કરવા સાથે હવન અને પૂજા નૈવેદ્ય આજે ધરાવવામાં આવતુ હોય છે. આઠમના તહેવારને લઈ મોટા અંબાજી સહિત નાના અંબાજીમાં પણ મોટી સંખ્યામાં ભક્તોની ભીડ ઉમટતી હોય છે. નવરાત્રી દરમિયાન ભક્તો મોટી સંખ્યામાં ખેડબ્રહ્મા અંબાજી મંદિરમાં દર્શન કરવા માટે ઉમટતા હોય છે. અંબાજી મંદિરે આજે આઠમ નિમિત્તે હવન અને પૂજા કરવામાં આવી હતી. આઠમના હવનને લઈ ભક્તોની ભીડ દર્શન કરીને ધન્યતા અનુભવતી હોય છે. ખેડબ્રહ્મા મંદિરે રવીવારે સવારે ૬ કલાકે મંગળા આરતી કરવામાં આવી હતી. જ્યારે ભક્તો આજે મંદિરની ૧૦૮ પ્રદક્ષિણા વહેલી સવારે કરતા હોય છે. પ્રદક્ષિણાને લઈ મંગળા આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જ્યારે સવારે ૧૧ કલાકે અષ્ટમીનુ હવન કરવામાં આવ્યુ હતુ. જે સાંજે ૪.૩૦ કલાકે પૂર્ણ થયુ હતું. અરવલ્લી જિલ્લામાં પણ મહત્વના મંદિરોમાં આઠમની પૂજા અર્ચના કરવામાં આવી હતી. ઈટાડીના અંબાજી મંદિર ખાતે ભક્તોની ભીડ દર્શન કરવા માટે ભક્તોની ભીડ જામી હતી. આસપાસના વિસ્તારમાંથી ઈટાડી અંબાજી મંદિરે રવીવારે અને પૂનમ સહિત મહત્વના તહેવાર અને તીથીએ ભક્તોની ભીડ ઉમટતી હોય છે.

### યુવાનોના હાર્ટએટેકથી મોતને લઈ પૂર્વ મુખ્યમંત્રીનું નિવેદન

# યુવાનોના હાર્ટએટેક પાછળ કોરોના જવાબદાર નથી : આનંદીબેન પટેલ

## સંડેર ખાતે ખોડલધામ સંકુલની શિલાન્યાસ વિધિ પૂર્ણ કરાઇ : આ પ્રસંગે આનંદીબેન પટેલ હાજર રહ્યા હતા

। પાટણ, તા.૨૨ ।

આજે દુર્ષાષ્ટમી છે અને આજનો દિવસ સમગ્ર લેઉવા પટેલ સમાજ માટે ખુશીનો દિવસ પણ બન્યો છે. આજે સંડેર ખાતે ખોડલધામ સંકુલની શિલાન્યાસ વિધિ પૂર્ણ કરાઈ છે. આ પ્રસંગે આનંદીબેન પટેલ હાજર રહ્યા હતા. જ્યાં હાર્ટ અટેક અંગે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે મોટું નિવેદન આપ્યું છે.

ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે રાજ્યમાં વધી રહેલા હાર્ટ અટેક અંગે મોટું નિવેદન આપ્યું છે. આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, કોરોનાના કારણે હાર્ટ અટેક આવતો નથી. આ અંગે મેં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાને પણ સવાલ પૂછ્યો હતો. પરંતુ રિસર્ચમાં કોરોનાના કારણે હાર્ટ અટેક થતો નથી તેવું સામે આવ્યું છે. કયા કારણોસર હાર્ટ અટેકનું પ્રમાણ વધ્યું છે તેની તપાસ થવી જોઈએ. નવરાત્રિમાં અનેક યુવાનોના ગરબા રમતાં-રમતાં મોત થયા છે. તમામ લોકોનું એનાલિસીસ થવું જોઈએ. શા માટે રાજ્યમાં હાર્ટ અટેકની ઘટનાઓ વધી છે? મહત્વનું છે કે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે સ્ટેજ પર બેઠેલા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલને સૂચન કર્યુ હતું. તમે છેલ્લાં ૧ વર્ષની અંદર કેટલાં યુવાનો હાર્ટ અટેકના કારણે મૃત્યુ પામ્યા તેનો હિસાબ કરો. જેમાં કેટલાં પુરુષો અને કેટલાં મહિલાઓના મૃત્યુ થયાં તેનો સ્ટડી કરવા જણાવ્યું હતું. આનંદીબેનએ કહ્યું કે દેશમાં અનેક લોકોના મોત હાર્ટ અટેકથી થઈ રહ્યા છે, નવરાત્રિમાં કેટલાક લોકોના મોત હાર્ટ અટેકથી થયા,આ સમગ્ર બાબતનું એનાલીસીસ થવું જરૂરી છે. ગરબા રમતા સમયે હાર્ટ અટેકથી મોતની ઘટના વધી છે.

### લોકાર્પણ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી પણ ઉપસ્થિત રહેશે

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૨૪મીએ ગુજરાત પ્રવાસે આવશે

## અમિત શાહ ઈફ્કો દ્વારા ગુજરાતમાં તૈયાર કરવામાં આવેલ નેનો ડેપ લિક્વિડ પ્લાન્ટનું લોકાર્પણ કરશે

। અમદાવાદ, તા.૨૨ ।

કેન્દ્રીય ગૃહમંત્રી ફરી એક વખત ગુજરાત મુલાકાતે આવી રહ્યા છે. તા. ૨૪ ઓક્ટોબરે અમિત શાહ ઈફ્કો દ્વારા ગુજરાતમાં તૈયાર કરવામાં આવેલ નેનો ડેપ લિક્વિડ પ્લાન્ટનું લોકાર્પણ કરશે. ત્યારે આ લોકાર્પણ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા પણ ઉપસ્થિત રહેવાનું જાણવા મળી રહ્યું છે. તા. ૨૬ નાં રોજ કેન્દ્રીય ગૃહમંત્રી ગુજરાત મુલાકાતે હતા. તે દરમ્યાન અમિત શાહની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે મંત્રી નિવાસમાં ભાજપ નાં ટોચનાં નેતાઓની બેઠક મળી હતી. ગત રોજ સોમવારે મોડી રાત્રે મળેલી આ બેઠક ૫ કલાકથી વધુ સમય ચાલી હતી. આ બેઠકમાં અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સી.આર.પાટીલ,



ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી પણ બેઠકમાં હાજર રહ્યા હતા. તા. ૨૬ ને સોમવારે મોડી રાત્રે યોજાયેલ બેઠક બાદ હવે આગામી સમયમાં સંગઠનમાં મોટા પાયે ફેરફાર થવાની શક્યતાઓ છે. ત્યારે તા. ૧૩ ઓક્ટોમ્બરે મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ બંને દિલ્હી ગયા હતા. ત્યાં મોવડી મંડળ સાથે બેઠક યોજી હતી.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કરી મોટી જાહેરાત

# યાત્રાધામ બહુચરાજીના ૭ ગામોને મળશે માળખાકીય સુવિધાઓ

## નગરરચના યોજનાઓના પરિણામે રોડ, સ્ટ્રીટ લાઈટ્સ, બાગ-બગીચા, ડ્રેનેજ જેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટિઝ પૂરી પડાશે

। ગાંધીનગર, તા.૨૨ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતના સુપ્રિસદ્ધ શક્તિપીઠ યાત્રાધામ બહુચરાજી વિસ્તારની ધાર્મિક અને આર્થિક પ્રવૃત્તિઓના વિકાસની પ્રબળ સંભાવનાને વાસ્તવિક રૂપ આપવા બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળની રચવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. બહુચર માતાના પ્રાચીન-પવિત્ર યાત્રાધામ સાથે શંખલપુર તીર્થ, વલ્લભ ભટ્ટની વાવ ઉપરાંત બેચરાજી નજીક આવેલા માંડલ-બેચરાજી એસ.આઈ.આર.માં મારૂતી સુઝુકીના પ્લાન્ટ અને ૩૦ જેટલા નાના-મોટા ઉત્પાદન એકમો ધરાવતા આ સમગ્ર વિસ્તારનો રાજ્યના અન્ય શહેરોની જેમ વિકાસ થઈ શકે તેવી શક્યતાઓ ધ્યાને લઈને મુખ્યમંત્રીએ આ નિર્ણય કર્યો છે. એટલું જ નહીં, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણાથી અંદાજે ૪૫ કિલોમીટરના અંતરે રોડ-કનેક્ટિવિટીથી જોડાયેલા બેચરાજીને તેમજ બેચર-બેચરાજી ગ્રામ પંચાયત અને તેની આજુબાજુમાં થઈ રહેલા વિકાસને ભવિષ્યમાં સુઆયોજિત અને સુવ્યવસ્થિત કરવા તેમજ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા આ બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના કરી છે. બેચરાજી તેમજ તેની આજુબાજુના શંખલપુર, કાલરી, ગણેશપૂરા, પ્રતાપગઢ, ફિંચડી, ડેડાણા, એદલા, ગામોના સહિત અંદાજે ૮૨૫ હેક્ટર વિસ્તારને આ બેચરાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. નવી રચાયેલી આ બેચરાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા આ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અન્વયે વિકાસ યોજના-ડેવલપમેન્ટ પ્લાન બનાવવામાં આવશે.

# કચ્છમાં માતાના મઢમાં યોજવામાં આવી પત્રીવિધિ

। કચ્છ, તા.૨૨ ।

કુળદેવી મા આશાપુરાના મઢ માતાના મઢ મંદિરે આજે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પત્રીવિધિ યોજવામાં આવી હતી. કચ્છનાં અંતિમ મહારાવ સ્વ. મહારાવ પ્રાગમલજી ત્રીજાના નાના ભાઈ હનુવંતસિંહ જાડેજાએ માંના ચરણોમાં ઝોળી ફેલાવી પત્રીવિધિનો પ્રસાદ મેળવ્યો હતો. તો ત્યાર બાદ મહારાણી પ્રિતિદેવીના આદેશ અનુસાર તેરા ઠાકુર મયુરધ્વજસિંહ જાડેજાએ પણ પત્રીવિધિ કરી માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. પત્રીવિધિ પૂર્વે ચાચરાકુંડથી ચામર યાત્રા પણ નીકળી હતી. કચ્છના માતાના મઢ ખાતે આજે કચ્છની રાજાશાહી પરંપરા પ્રમાણે નવરાત્રી દરમિયાન આઠમના દિવસે પત્રીવિધિ કરવામાં આવી હતી. ૪૫૦ વર્ષથી થતી આ વિધિ આ વર્ષે પણ બે વખત યોજવામાં આવી હતી. સવારના કચ્છના અંતિમ રાજવી મહારાવ પ્રાગમલજી ત્રીજાના નાના ભાઈ હનુવંતસિંહ જાડેજા દ્વારા પત્રીવિધિ કરવામાં આવી હતી. તો ત્યાર બાદ સ્વર્ગસ્થ મહારાવ પ્રાગમલજી ત્રીજાના પત્ની મહારાણી પ્રીતિદેવીના આદેશ અનુસાર તેમના પ્રતિનિધિ તરીકે તેરા ઠાકુર મયુરધ્વજસિંહ જાડેજાએ પત્રીનો પ્રસાદ ખોળામાં ઝીલીને આશીર્વાદ મેળવ્યા હતા. દર વર્ષે આસો માસની નવરાત્રીની આઠમના રોજ રાજપરિવાર તરફથી અગાઉ મહારાવ સૂર્યોદય પહેલાં ચાચરકુંડ ખાતે નહાવા પધારે અને ત્યાર બાદ ચાચરા ભવાનીના મંદીરમાં પૂજા કરતા હોય છે. ત્યાર બાદ માં આશાપુરા માતાજીના મંદીરમાં માતાજીનો ભુવો પત્રી નામના છોડવાના પાંદડાનો ઝુમખો કરી માતાજીના જમણા ખભા ઉપર રાખે છે અને અન્ય જાગરીયાઓને બોલાવી ડાકો તથા ઝાંઝ વગાડવામાં આવે છે અને મહારાવ પોતાની પછેડીનો ખોળો પાથરી પત્રી મેળવવા માતાજીને પ્રાર્થના કરે છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨